સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૬૦ જૂનાગઢ તા.૧૫-૧૦-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 260, Junagadh : Date : 15 October, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

**આજનો સુવિચાર**

આળસને માત્ર આજનો દિવસ આપશો, તો તે તમારી આવતીકાલ પણ ચોરી જશે!

# ચૂંટણીપંચે પ્રેસ કોન્ફરન્સ બોલાવી : મહારાષ્ટ્ર, ઝારખંડ વિધાનસભાની ચૂંટણી તારીખો જાહેર કરશે

નવી દિલ્હી, તા.૧૫: મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણીની તારીખો જાહેર થવાનું કાઉન્ટ-ડાઉન શરૂ થઈ ગયું છે. ચૂંટણી પંચ આજે બપોરે ૩.૩૦ વાગ્યે મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણી તારીખોની જાહેરાત કરવા જઈ રહ્યું છે. ચૂંટણી પંચે એક ઔપચારિક પત્ર જારી કરીને જણાવ્યું છે કે રાજધાની દિલ્હીના વિજ્ઞાન ભવનમાં બપોરે ૩.૩૦ વાગ્યે એક પ્રેસ કોન્ફરન્સ યોજાશે, જેમાં ચૂંટણીની તારીખ અને મત ગણતરીની જાહેરાત કરવામાં આવશે. મહારાષ્ટ્ર વિધાનસભાનો કાર્યકાળ ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. ઝારખંડ વિધાનસભાનો કાર્યકાળ ૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સમાપ્ત થશે.મહારાષ્ટ્ર અને ઝારખંડ બંનેનું રાજકીય વાતાવરણ હાલ ગરમ છે. આ બે રાજ્યો ઉપરાંત આ ચૂંટણીની અસર રાષ્ટ્રીય રાજનીતિ પર પણ થવાની છે. મહારાષ્ટ્ર હાલમાં એકનાથ શિંદેની શિવસેનાની આગેવાની હેઠળની સરકાર છે, જેમણે જૂની શિવસેના સામે બળવો કરીને ભાજપ સાથે હાથ મિલાવીને રાજ્યમાં સરકાર બનાવી હતી. આ સરકારમાં અજિત જૂથ પણ સામેલ છે. આ ચૂંટણીમાં એ જોવાનું રસપ્રદ રહેશે કે શું મહારાષ્ટ્રના મતદારો વર્તમાન સરકારમાં વિશ્વાસ મૂકે છે કે પછી શિવસેના (ઉદ્ધવ જૂથ), એનસીપી (શરદ જૂથ) અને કોંગ્રેસને સરકાર બનાવવાની તક મળે છે.

ઝારખંડની તમામ ૮૧ બેઠકો પર વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ઝારખંડ વિધાનસભાનો કાર્યકાળ ૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. ઝારખંડ રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી ડિસેમ્બર ૨૦૧૯માં યોજાઈ હતી.

## કેનેડાએ હદ વટાવી : નિજ્જર હત્યા વિવાદમાં ગૃહમંત્રી અમિત શાહની સંડોવણી હોવાનો રીપોર્ટ કર્યો

નવી દિલ્હી તા. ૧૫

ભારત - કેનેડા વચ્ચે નવેસરથી છેડાયેલી ડીપ્લોમેટીક વોરમાં હવે કેનેડાનાં વડાપ્રધાન જસ્ટીન ટ્રૂડોએ હદ વટાવતા આક્ષેપ કર્યો કે ભારત સરકારે કેનેડાની ધરતી પર એક કેનેડીયન નાગરીક સામે અપરાધીક પ્રવૃતિ કરીને ખુબ મુળભૂત ભુલ કરી છે. ટ્રુડોએ બંન્ને દેશોના તનાવ અંગે ભારત સરકાર કેનેડામાં ટાર્ગેટ કીલીંગ કરી રહી છે તેવુ જણાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પણ તેમાં ઘસડવા પ્રયાસ કરીને બન્ને દેશો વચ્ચે ભારે તનાવ સર્જયો છે.

કેનેડાનાં પાટનગર ઓકાવામાં એક પત્રકાર પરિષદને સંબોધન કરતા કેનેડાનાં વડાપ્રધાન જસ્ટીન ટ્રૂડો ભારત સરકાર કેનેડાની ધરતી પર કેનેડાના નાગરીક સામે હત્યા કે અત્યાચાર કરે તે અસ્વીકાર્ય છે. ટ્રુડોએ કહ્યુ કે મે આ અંગે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ગત સપ્તાહનાં અંતે વાત કરી હતી અને સિંગાપોરમાં મળનારી નેશનલ સિકયોરીટી એડવાઈઝરીની બેઠકમાં પણ આ તનાવની ચર્ચા થશે અને જણાવ્યું કે બન્ને દેશો વચ્ચે વિશ્વાસનું વાતાવરણ જરૂરી છે.

ટ્રુડોએ જણાવ્યું હતું કે બન્ને દેશો અમોનાં સબંધો આટલા ઉગ્ર તનાવભર્યા બને તે કેનેડાની પસંદગી નથી પણ અમારા પર તે લાદવામાં આવી રહયું છે. બીજી તરફ કેનેડાએ ખાલીસ્તાની નેતા હરદિપસિંહ નિજજરની હત્યામાં ભારત સરકારની સંડોવણી અંગેનો એક રીપોર્ટમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહનુ પણ નામ હોવાનો ધડાકો કર્યો છે. વોશીંગ્ટન પોસ્ટનાં એક રીપોર્ટ મુજબ નિજજરની હત્યા અંગે કેનેડા સરકારે જે રીપોર્ટ તૈયાર કર્યો છે તેમાં ભારતીય ડીપ્લોમેટીક મિશનનાં અધિકારીઓ સાથે હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનુ નામ પણ ઉમેરાયું છે. આ રીપોર્ટમાં અગાઉ ૬ ભારતીયના નામ હતા જેમને કેનેડાએ પર્સન ઓફ ઈન્ટ્રેસ્ટ તરીકે ગણાવ્યા હતા. મતલબ કે નિર્જરની હત્યાના કેસમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું નામ પણ જોડવામાં આવ્યું છે. વોશીંગ્ટન પોસ્ટના રીપોર્ટ મુજબ નિજજરની હત્યા એ કોઈ એકલ દોકલ ઘટના નથી કે અલગ સ્થિતિ નથી.

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો. ૯૯૭૮૭ ૧૦૧૫૦

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેશનથી ખૂબ નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપેલ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે
PARDAWALA
બેડરૂમ સેટ
મોડ્યુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર
✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫



# જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને ગિરનાર લીલી પરિક્રમાની પૂર્વ તૈયારી સંદર્ભે બેઠક યોજાઈ

**ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા લાખો શ્રદ્ધાળુઓ માટે વીજળી,પાણી, આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાઓ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને જિલ્લા કલેકટરે આપી સૂચના**




**જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભાવિકોને જરૂરી સગવડતાઓ મળી રહે તે માટે પૂર્વ તૈયારીઓ શરૂ : ચાર દિવસીય ગિરનાર લીલી પરિક્રમાનો તા.૧૨મી નવેમ્બરથી પ્રારંભ થશે**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષ સ્થાને ગિરનાર લીલી પરિક્રમા પૂર્વ તૈયારીઓના ભાગરૂપે બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાત સહિત દેશભરમાંથી ઉમટી પડતા શ્રદ્ધાળુઓને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી સગવડતાઓ મળી રહે તે માટે પરામર્શ કરવામાં આવ્યો હતો. ચાર દિવસીય ગિરનાર લીલી પરિક્રમા તા.૧૨ નવેમ્બરના રોજ પ્રારંભ થશે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ભાવિકોને ગિરનાર લીલી પરિક્રમાના ધાર્મિક મહત્વ મુજબ નિયત સમયે અને તિથિએ પરિક્રમા શરૂ કરવા ઉપરાંત ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન ભાવિકોને પ્રતિબંધિત પ્લાસ્ટિક સાથે ન લાવવા માટે પણ અનુરોધ કરવામાં આવ્યો છે. જિલ્લા કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં ગિરનાર લીલી પરિક્રમા પધારતા લાખો શ્રદ્ધાળુઓ માટે વીજળી,પાણી, આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાઓ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને અધિકારીઓને જિલ્લા કલેકટરએ સૂચના આપી હતી. ઉપરાંત નળ પાણીનીઘોડીએ ભાવિકોના થતા ઘસારાને ધ્યાન રાખી વીજળી પાણીની સુવિધા સાથે વિશેષ વ્યવસ્થાઓ રાખવા માટે પણ વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરએ ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન ફરજ ઉપરના અધિકારીઓને સ્થળ મુલાકાત કરી દિવાળીના તહેવાર પૂર્વે જરૂરી આયોજન કરવા આપ્યા હતાં. આ બેઠકમાં ગિરનાર લીલી પરિક્રમાને ધ્યાને રાખી પરિવહન ટ્રાફિક વ્યવસ્થાપન, પાર્કિંગ વ્યવસ્થા માટે પણ જરૂરી નિર્દેશ આપવામાં આવ્યા હતા. ગિરનાર લીલી પરિક્રમા જવા માટેના રસ્તાઓ અને જંગલ વિસ્તારના રૂટના રસ્તાઓની જરૂરી મરામત માટે પણ કલેકટરએ સંબંધીત અધિકારીઓને સૂચના આપી હતી. પર્યાવરણ જાળવણી માટે સેવાકીય સંસ્થાઓનો સહયોગ પણ લેવામાં આવશે. આ બેઠકમાં ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા ભાવિકોનું આરોગ્ય ન જોખમાય તે માટે ખાદ્ય પદાર્થોની ચકાસણી ઉપરાંત દૂધ સહિતનો જરૂરી પુરવઠો ઉપલબ્ધ રહે તે માટે તકેદારી લેવા સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નિવાસી અધિક કલેકટર એન. એફ. ચૌધરી, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, ઉપરાંત વન વિભાગ, આરોગ્ય, માર્ગ અને મકાન, પીજીવીસીએલ, પાણી પુરવઠા સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળ અને તાલાલાની ૧૫ પેઢીઓમાંથી ઘી, ચીઝ, દુધ, પનીર, ફરસાણ, મીઠાઈ, માવો સહિતની ખાદ્યસામગ્રીના ૩૯ નમુના લેવાયા




**જીલ્લા કલેકટરની સુચનાથી ફુડ વિભાગે ભેળસેળીયા તત્વોને ઝડપવા વ્યાપક ચેકીંગ હાથ ધર્યુ : જીલ્લામાં બેફામ બની રહેલા ભેળસેળીયા તત્વોને ડામી દેવા તંત્ર અને ફુડ વિભાગ મેદાનમાં આવ્યું**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૫

ગીર સોમનાથ જીલ્લામાં બેફામ બની રહેલા ભેળસેળીયા તત્વોને ડામી દેવા જીલ્લાનું વહીવટી તંત્ર અને ફુડ વિભાગે કમ્મર કસી વ્યાપક ચેકીંગની કામગીરી હાથ ધરી હતી. જે અંતર્ગત વેરાવળ અને તાલાલાની ૧૫ પેઢીઓમાં ચેકીંગ હાથ ધરીને ઘી, ચીઝ, દુધ, પનીર, ફરસાણ, મીઠાઈ, મીઠો માવો સહિતની ખાદ્યસામગ્રીના ૩૯ નમુના લઈ પૃથક્કરણ માટે મોકલવા તજવીજ હાથ ધરી છે. જયારે ચેકીંગ દરમ્યાન મળી આવેલ ૩૩ કીલો અખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવેલ છે. ફુડ વિભાગે અચાનક કરેલ સરપ્રાઈઝ ચેકીંગ કામગીરીથી ભેળસેળીયા તત્વોમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે. આ અંગે માહિતી આપતા જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવેલ કે, જીલ્લામાં ભેળસેળવાળા ખાદ્ય પદાર્થો અંગે અનેક ફરીયાદો મળી હોવાથી ચેકીંગ કરવા આદેશ કર્યો હતો. જેને લઈ જીલ્લા ફુડ વિભાગના અધિકારીઓ પી.બી.સાવલીયા, સી.કે.નિમાવત, કે.એચ.ચોચાના નેતૃત્વમાં ત્રણેક ટીમો બનાવીને વેરાવળ અને તાલાલામાં વ્યાપક ચેકીંગ કામગીરી હાથ ધરી હતી. જેમાં વેરાવળમાં મહાદેવ ડેરી ફાર્મ, પતંજલી ઔષધાલય, ગાયત્રી ફરસાણ, રઘુવંશી ફરસાણ, અંબીકા ફરસાણ, ભવાની પ્રોવિઝન, શ્યામ ડેરી, હોટલ રીવરફ્રન્ટ, રામેશ્વર ડેરી, ગીર ફ્રેશ ડેરી, નંદરાજ ડેરીમાં ચેકીંગ હાથ ધરીને ઘી, ચીઝ, પનીર, ફાફડા-જલેબીના કુલ ૨૦ સેમ્પલો લેવામાં આવેલ તેમજ ૧૦હજારની કિંમતનો ૩૩ કીલો અખાદ્ય પદાર્થો નાશ કરવામાં આવેલ હતો. જયારે તાલાલામાંથી પ્રસાદ ડેરી પ્રોડકટસ, માધવ એન્ટરપ્રાઈઝ, બંસીધર ડેરી ફાર્મ, ગુરૂકૃપા ડેરી ફાર્મમાં ચેકીંગ હાથ ધરીને મીઠો માવો, દુધ, પનીર, મીઠાઈ, ફરસાણના ૧૯ નમુના લેવામાં આવ્યા હતા. આ બંન્ને શહેરોની ૧૫ પેઢીઓમાંથી લેવાયેલા ૩૯ નમુનાઓને પૃથક્કરણ માટે મોકલવા તજવીજ હાથ ધરી છે.

# સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી ગુનાનો ભેદ ઉકેલવામાં જૂનાગઢની નેત્રમ શાખાને વધુ એક એવોર્ડ મળ્યો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ રેંજના આઈજીપી નિલેશ જાજડિયા તથા જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સૂચનાથી હેડ ક્વાર્ટર ડીવાયએસપી એ. એસ. પટણીના માર્ગદર્શનમાં પીએસઆઈ પી. એચ. મશરૂ અને ૨૯ પોલીસ સ્ટાફની નેત્રમ શાખા સીસીટીવી કેમેરાનો મહત્તમ ઉપયોગ કરી ટ્રાફિક નિયમન, ગુનાનો ભેદ ત્વરિત ઉકેલવા, ગુમ થયેલ કે ખોવાયેલ કીમતી સામાન શોધી આપવા ૨૪ કલાક કાર્યરત છે. દરમિયાન સીસીટીવી કેમેરાનો ઉત્કૃષ્ટ ઉપયોગ કરી બનાવનો ભેદ ઉકેલવા સબબ નેત્રમ શાખાના ઓપરેટર પ્રતિક કરંગીયાને ગાંધીનગર ખાતે ડીજીપી વિકાસ સહાયએ ૧૮મો એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૧૩ વખત કામગીરીનું મૂલ્યાંકન કરી જૂનાગઢ નેત્રમ શાખાને એવોર્ડ આપવામાં આવ્યો છે. તેમજ ૩ વખત ઈ ચલણની કામગીરીમાં અને બે વખત ઈ કોપ એવોર્ડ મેળવી જૂનાગઢ પોલીસને ગૌરવ અપાવ્યું છે. દરમ્યાન એપ્રિલ ૨૦૨૧ થી જુન ૨૦૨૪ સુધી સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી જૂનાગઢ પોલીસ દ્વારા કુલ ૧૨૭૨ કેસના બનાવનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવવામાં આવેલ છે. ૧૨૭૨ કેસ પૈકી ૧૨૨૨ કેસ જૂનાગઢ જિલ્લાના અને ૫૦ કેસ ગીર સોમનાથ, પોરબંદર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, જામનગર, બોટાદ, સુરેન્દ્રનગર, સુરતના કેસનો સમાવેશ થાય છે. તેમજ રૂપિયા ૫.૦૭ કરોડથી વધુનો મુદ્દામાલ રિકવર કરી લોકોને પરત કરવામાં આવ્યો હતો.

# વેરાવળ નજીક હાઈવે ઉપર ગેરકાયદેસર ખનીજનું વહન કરતા ત્રણ ડમ્પરો ઝડપી લેવાયા



**ખાણ ખનીજ વિભાગને નિંદ્રાધીન અવસ્થામાંથી જગાડીને કાર્યવાહી કરાવતા જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૫

વેરાવળ સહિત જીલ્લામાં ખણીજોનું ગેરકાયદેસર ખનન અને પરીવહન બેરોકટોક થઈ રહ્યાની લોક ચર્ચાઓ વચ્ચે ખાણ ખનીજ વિભાગ કડક કાર્યવાહી કરવામાં વામણું પુરવાર થઈ રહ્યાનું ચિત્ર ઉપસી રહ્યુ છે. ત્યારે જીલ્લા કલેકટરની સુચના બાદ વેરાવળ નજીક હાઈવે ઉપરથી ખનીજનું ગેરકાયદેસર પરીવહન કરતા ત્રણ ડંપરોને ઝડપી લઈ અંદાજે ૬૦ લાખનો મુદામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના પગલે ખનીજચોરોમાં ફફડાટની લાગણી પ્રસરી ગઈ છે. ગીર સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાને મળેલ માહિતીના આધારે તેમની સૂચનાથી પ્રાંત અધિકારી વિનોદ જોશી, ભૂસ્તરશાસ્ત્રીની સયુંકત ટીમ દ્વારા વેરાવળ નજીક હાઈવે ઉપર ચાંડુવાવ પાટીયા નજીક આવેલ ટહુકો હોટેલ પાસેથી સાદીરેતી ભરી ખનીજનું ગેરકાયદેસર વહન કરતા ત્રણવેરાવળ નજીક હાઈવે ઉપર ગેરકાયદેસર ખનીજનું વહન કરતા ત્રણ ડમ્પરો ઝડપી લેવાયા

ડંપરોને ઝડપી લેવામાં આવ્યો હતો. આ દરોડામાં અંદાજે ૬૦ લાખનો મુદામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં ઝેરી જીવડું કરડી જતા આધેડનું સારવાર દરમ્યાન મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ શહેરના સિધ્ધનાથ મંદિર પાસે નીકીતા એપાર્ટમેન્ટમાં રહેતા આધેડને પગમાં થયેલ ગુમડા ઉપર ઝેરી જીવડું કરડી જતા સારવાર દરમ્યાન મોત નિપજયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે રીનાબેન દિપકભાઈ ત્રાંકડીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પતિ દીપકભાઈ(ઉ.વ.૪૭)ને પગ પર ગુંમડું થયેલ તે ગુંમડા ઉપર ઝેરી જીવડું કરડી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

# માળીયા હાટીનામાં મેઘલ નદીના કાંઠેથી જાહેરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

માળીયા હાટીનામાં આવેલ મેઘલ નદીના કાંઠે જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને માળીયા હાટીના પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસે મેઘલ નદીના કાંઠે ગૌશાળાના પાસે નજીક જાહેરમાં જુગાર રમતા પિયુષ લખુભાઈ સિંધવ, હઠીસિંહ નાગભાઈ સીસોદીયા, રણજીતભાઈ વિક્રમઈભાઈ સીસોદીયા, ગંભીરસિંહ બચુભાઈ સીસોદીયા અને પ્રકાશપરી લખમણપરીને રૂા.૩૮૩૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ માળીયા હાટીના પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

# જૂનાગઢ જિલ્લામાં એગ્રી સ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ફાર્મર રજીસ્ટ્રી માટે ખેડૂત જાતે રજીસ્ટ્રેશન કરી શકશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને એગ્રી સ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ફાર્મર રજીસ્ટ્રી પોતાના આધર કાર્ડ, આધાર લીંક મોબાઈલ અને સર્વે નંબર(૭/૧૨ અને ૮ નકલ) દ્વારા ખેડૂત જાતે રજીસ્ટ્રેશન કરી શકશે તથા પોતાના ગામના VCE/VLE/અન્ય અધિકૃત વ્યક્તિ દ્વારા વિના મૂલ્યે તા.૧૫-૧૦-૨૦૨૪થી કરાવી શકશે. જે ફાર્મર આઇ ડી. ખેડૂતના સર્વે નંબર અને આધાર કાર્ડ લીન્ક હશે. જીલ્લાના તમામ ખેડુતો પોતાનો ફાર્મર રજીસ્ટ્રેશન કરાવી જિલ્લાના તમામ ખેડૂતોની આધાર સાથે લિંક રજિસ્ટ્રી, વિવિધ યોજનાઓના આયોજન, પાક નુકસાની સહાય માટે લાભાર્થીઓની ચકાસણી, કૃષિ પેદાશોના ઝડપી વેચાણ વ્યવસ્થા, વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ, ખેતીવાડી તેમજ અન્ય યોજનાઓમા ઓળખ અને પ્રમાણપત્રની સુવિધા, કૃષિ ધિરાણની સુવિધા, વિવિધ ઈનપુટ્સ અંગેની સુવિધા, ગુણવત્તાયુક્ત સેવાઓ ઝડપી અને સરળતાથી મેળવવાની સુવિધા, ખેડૂતો માટેની વિવિધ સરકારી યોજનાઓના લાભ, મહેસૂલ વિભાગના રેકર્ડમાં ખેડૂતના આધાર કાર્ડ સાથે લીંકેજ, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, લઘુત્તમ ટેકાના ભાવે ખરીદીની યોજના, e-NAM (નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ) વગેરે સેવાઓનો મહત્તમ લાભ સરળતાથી મેળવી શકશે. આમ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અખબાર યાદિમાં જણાવાયું છે.

# ખેડુતોને NFSM-Pulse યોજના હેઠળ રવિ - ૨૦૨૪-૨૫ હેઠળ કઠોળ પાકમાં ચણા પાકની મિનિકિટની ફાળવણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ જિલ્લાના ચણા પાક વાવતા ખેડુતોને ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં NFSM-Pulse યોજના હેઠળ રવિ - ૨૦૨૪-૨૫ હેઠળ કઠોળ પાકમાં ચણા પાકની મિનિકિટની ફાળવણી કરવામાં આવેલ છે. જે અન્વયે ચણા પાકની ગુજરાત ચણા - ૫ વેરાયટી વાવવા માંગતા ખેડુતોને કિટ મેળવવા આપના તાલુકાની ખેતીવાડી શાખાનો સંપર્ક કરવા તેમજ આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / ખેતી અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક / જિલ્લા ખેતીવાડી અધિકારી / નાયબ ખેતી નિયામક(વિસ્તરણ) / નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવવાની રહેશે. આમ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા એક અખબાર યાદિમાં જણાવાયું છે.

# શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ જૂનાગઢ દ્વારા ખેડુતો જોગ અગત્યની સુચના

જૂનાગઢ તા.૧૫

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-જૂનાગઢની એક યાદી જણાવે છે કે, માર્કેટ યાર્ડમાં કામ કરતા વેપારીભાઈઓ, કમીશન એજન્ટ ભાઈઓ તેમજ ખેત પેદાશ વેચાણ અર્થે બહાર ગામથી આવતા ખેડુત ભાઈઓને જણાવવાનું કે, તા.૧૪-૧૦-૨૦૨૪ થી તા.૧૭-૧૦-૨૦૨૪ દરમ્યાન કમોસમી વરસાદ (માવઠા)ની હવામાન ખાતાની આગાહીને ધ્યાને લઈ કોઈપણ ખેત પેદાશ માર્કેટીંગ યાર્ડમાં ઓકશન શેડ, શેડની બાજુના ખુલ્લા રોડ તથા ખુલ્લા ગ્રાઉન્ડમાં કે વરસાદના કારણે પલળી જાય તેમ ઉતારવી નહિં. તેમજ જે ખેડુતભાઈઓ લુઝ સોયાબીન અને મગફળી લઈને આવે છે તે તમામ લોકોએ ઢાંકવા માટે તાલપત્રીની વ્યવસ્થા સાથે રાખવી અને અગાઉ ઉતારેલ જણસીને ઢાંકીને રાખવી. તેમજ ખેડુતભાઈઓ જણસી લઈ ને આવે ત્યારે તેમની જણસી વરસાદી વાતાવરણને કારણે જણસી પલળે કે બગડે નહીં તેવી વ્યવસ્થાના ભાગરૂપે માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢમાં જે તે કમીશન એજન્ટ અથવા બજાર સમિતિના કાર્યાલય - ૭૦૬૯૭ ૦૦૦૬૨, આવક ગેઈટ - ૭૦૬૯૭ ૦૦૦૬૩, જાવક ગેઈટ - ૭૦૬૯૭ ૦૦૦૬૪ તથા શાકભાજી ફળફળાદી સબયાર્ડ ૭૦૬૯૭ ૦૦૦૬૫ ઉપર ટેલીફોનીક સંપર્ક સાધી માલ ઉતારાઈ વ્યવસ્થા અંગે જાણકારી મેળવ્યા બાદ જ માલ લઈને આવવું. જેથી મદદરૂપ થઈ શકીએ તેમ જણાવેલ છે.

# જૂનાગઢ : કાળવામાંથી ખનીજ ચોરી કરનાર મહિલા સહિત ૩ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ શહેરમાં આવેલ કાળવાનાં વોંકળામાંથી રેતી-કંકર સહિત ખનીજ પદાર્થોની બિનઅધિકૃત રીતે કઢાવી ચોરી કરનાર મહિલા સહિત ૩ સામે એ ડીવીઝન પોલીસ મથકે રોયલ્ટી ઈન્સ્પેકટરે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે જૂનાગઢના ભુસ્તર વિજ્ઞાન અને ખનીજખાતાના રોયલ્ટી ઈન્સ્પેકટર ભવદીપભાઈ જયવંતભાઈ ડોડીયાએ ટ્રેકટર ચાલક ભીખુભાઈ રાજાભાઈ ચાવડા, હંસાબેન રાજુભાઈ સોલંકી અને કરણ જવાભાઈ સોલંકી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી હંસાબેન અને કરણભાઈ સોલંકીએ પોતાના અંગર ફાયદા સારૂ ટ્રેકટર બોલાવી પ્રદીપ ટોકીજ ખાડીયા વિસ્તારમાં આવેલ કાળવાના વોકળામાંથી કોઈપણ આધાર પુરાવા વગર ગેરકાયદેસર રીતે મજુરો દ્વારા ટ્રેકટર મારફતે રેતી કંક જેવા ખનીજ પદાર્થોની બીન અધિકૃત રીતે કઢાવી વહન કરાવી અંદાજીત રૂા.૭૬૯૨૮ની ખનીજ ચોરી કર્યાની ફરીયાદ નોંધાવેલ જયારે ટ્રેકટર ચાલક સ્થળ ઉપર મળી આવતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લામાં પોલીસ દ્વારા જાહેરનામા ભંગ કરનારાઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી

**પોલીસને જાણ કર્યા વગર મકાન દુકાન ભાડે આપનાર તેમજ પરપ્રાંતીય મજુરો રાખનારા ૯ સામે ફરીયાદ**

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ જીલ્લામાં પોલીસ દ્વારા પોલીસને જાણ કર્યા વગર મકાન દુકાને ભાડે આપનાર તેમજ પરપ્રાંતીય મજુરોને રાખનાર ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરતા રવિવારે સાતેક વિરૂધ્ધ ફરીયાદ નોંધાયેલ હતી ત્યારે ગઈકાલે વધુ ૧૦ જેટલા મકાન માલીકો, દુકાન માલીકો તેમજ કારખાના માલીકો વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ગઈકાલે જૂનાગઢ જીલ્લામાં પોલીસ દ્વારા ચેકીંગ હાથ ધરી એ ડીવીઝન પોલીસે વાજાવાડમાં રાધાક્રિષ્ન-બી એપાર્ટમેન્ટમાં બ્લોક નં.૪૦૫ ધરાવતા નલીનભાઈ દયારામ થાનકીએ પોતાનું મકાન બહારના જીલ્લાના વ્યકિતને ભાડે આપી પોલીસને જાણ ન કરતા જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો છે જયારે સલીમભાઈ જમાલભાઈ બ્લોચે રાધાક્રિષ્ન-બી એપાર્ટમેન્ટમાં જ બ્લોક નં.૪૦૨ પોલીસને જાણ કર્યા વિના બહારના જીલ્લાના વ્યકિતને ભાડે આપતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે. બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઝાંઝરડા ચોકડી નજીક મકાન ધરાવતા દેવેનભાઈ કિશોરભાઈ પંડયાએ પોતાની મકાન ભાડે આપી પોલીસને જાણ ન કરતા ફરીયાદ નોંધાઈ છે. જયારે બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં અજીજભાઈ કાસમભાઈ બાટવીયાએ મજેવડી ગેટ, ખ્વાજા નગર રોડ પર પોતાની દુકાન, ઈરફાન અબ્દુલભાઈ સુરૈયા મજેવડી ગેટ ખ્વાજા નગર રોડ પર આવેલ પોતાની દુકાન અને રસીકભાઈ અંબાલાલ કોરડીયાએ ઝાંઝરડા રોડ તુલસીપત્ર એપાર્ટમેન્ટમાં આવેલ પોતાની દુકાન પોલીસમાં જાણ કર્યા વિના ભાડે આપતા બી ડીવીઝન પોલીસે ત્રણ શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધેલ છે. તેમજ બીલખા રોડ પાઠક નગર વિસ્તારમાં રવી કિશોરભાઈ સોલંકીએ, સાબલપુર ચોકડી નજીક ઉર્જા બાયોકોલ કારખાના ખાતે અશોકભાઈ મેરામણભાઈ ઝાપડાએ અને ડુંગરપુર ગામની સીમમાં ભોલેનાથ એન્ટરપ્રાઈઝમાં કિશોરભાઈ રમેશભાઈ પીપલાણીએ પરપ્રાંતિય મજુરોને રાખી પોલીસને જાણ ન કરતા

# જૂનાગઢના ગાંધીગ્રામ વિસ્તારમાં કેરોસીન છાંટી કાંડી ચાંપી લેતા વૃધ્ધાનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં ભુવનેશ્વર સોસાયટીમાં રહેતા વૃધ્ધાએ શરીરમાં થતા દુઃખાવાથી કંટાળી શરીરે કેરોસીન છાંટી કાંડી ચાંપી લેતા મૃત્યુ થયાનું સી ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે વિજયભાઈ બાલુભાઈ બઢીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક માતા રેખાબેન(ઉ.વ.૭૨)ને શરીરમાં દુઃખાવો થતો હોય જેનાથી કંટાળી પોતાની જાતે શરીરે કેરોસીન છાંટી કાંડી ચાંપી લેતા મૃત્યુ નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢ જીલ્લાનું ગૌરવ : કંઠય સંગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક મેળવ્યો

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ ખાતે કાલરીયા સ્કુલમાં ધો. ૫ માં અભ્યાસ કરતા પર્વ વિજયભાઈ કથીરીયાનો રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર ગુજરાત રાજય સંગીત અકાદમી ગાંધીનગર આયોજીત જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી રાજકોટ દ્વારા સંચાલિત પ્રતિભા શોધ સપર્ધામાં શાસ્ત્રીય કંઠય સંગીત સ્પર્ધામાં વયજુથ ૭ થી ૫ વર્ષમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. રાજય સરકાર દ્વારા પર્વને રૂ.૫૦૦૦/- નું પ્રોત્સાહન ઈનામ અપાવામાં આવેલ છે. આમ પર્વ વિજયભાઈ કથીરીયાએ શાસ્ત્રીય કંઠય સંગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક મેળવી પરિવાર તથા જૂનાગઢ જીલ્લાનું ગૌરવ વધારેલ છે.



# કૃષિ અને જૂનાગઢ જીલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલે ૧૯.૫૯ કરોડના પ્રજાલક્ષી વિકાસ કાર્યોની ભેટ આપી

## કૃષિ મંત્રીએ વંથલી ખાતે રૂા. ૯૯.૫૦ લાખના ખર્ચે નવનિર્મિત અને આધુનિક સુવિધાથી સજજ પશુ દવાખાનાનું ગૌ પૂજન કરીને લોકાર્પણ કર્યું











જૂનાગઢ, તા.૧૫

રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યદ્યોગ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે વિકાસ સપ્તાહ અંતર્ગત જૂનાગઢ જિલ્લાને વંથલી એપીએમસી ખાતેથી રૂા.૧૯.૫૯ કરોડના પ્રજાલક્ષી વિકાસ કાર્યોની ભેટ આપી હતી. કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે અંદાજે ૯૯.૫૦ લાખના ખર્ચે નવનિર્મિત અને આધુનિક સુવિધાથી સજજ વંથલી પશુ દવાખાનાનું ગૌ પૂજન કરીને લોકાર્પણ કર્યું હતું.

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિકાસ સપ્તાહ અંતર્ગત આયોજિત આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે રૂા. ૧૭.૮૨ કરોડના માર્ગ અને મકાન પંચાયત તથા રાજ્ય, કેશોદ અને માંગરોળ નગરપાલિકા ઉપરાંત માણાવદર અને કેશોદના જળસંચય હેઠળના વિવિધ કાર્યો એમ કુલ -૯ વિકાસ કામોનું ઈ-ખાતમુહૂર્ત કર્યું. સાથે જ કેશોદ નગરપાલિકા દ્વારા રૂા.૮૦ લાખના ખર્ચે નિર્મિત વિવિધ બાંધકામનું ઈ - લોકાર્પણ કર્યું હતું. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જનસભાને સંબોધતા જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારથી શરૂ વિકાસ યાત્રાના ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે ગુજરાત સરકાર વિકાસ સપ્તાહ રૂપે ઉજવણી કરી રહી છે.

તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના સર્વાંગી વિકાસ માટેના ભગીરથ પ્રયાસોથી ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં વિકાસનું રોલ મોડલ બનીને ઉભર્યું છે. તેમના નેતૃત્વમાં ગુજરાતના પ્રજાજનોને જ્યોતિગ્રામ યોજના થકી ૨૪ કલાક વીજળી મળી રહી છે. આ સાથે ગુજરાત વીજ ઉત્પાદનમાં સરપ્લસ રાજ્ય પણ બન્યું છે. ઉપરાંત સરદાર સરોવર ડેમની ઊંચાઈ પૂર્ણ સપાટી સુધી લઈ જઈ સૌરાષ્ટ્રને પીવાના પાણીની તંગી માંથી કાયમી માટે ઉગાર્યા છે. ગિરનાર રોપવે પ્રોજેક્ટના નિર્માણ તેમજ અન્ય પ્રવાસન સ્થળોના વિકાસથી આ વિસ્તાર પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં ટોચના સ્થાને બિરાજમાન છે. રોડ રસ્તા સહિત ની માળખાકીય સુવિધાઓ વિકસાવવાની સાથે લોકોને પાકા આવાસ પણ મળ્યા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા વિકાસના માર્ગે રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતને આગળ ધપાવી રહ્યા છે.

કૃષિ મંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર પશુઓની ઓલાદ સુધારણા માટે ભાર આપી રહી છે. શ્રેષ્ઠ ઓલાદના પશુઓના બચ્ચા જન્મે તે માટે IVF અને સેક્સડ સિમોન જેવી આધુનિક ટેકનોલોજી અપનાવવી પણ જરૂરી છે. જેથી પશુપાલકોને આર્થિક ફાયદો થવાની સાથે રખડતા પશુઓનો પ્રશ્ન પણ હલ થશે. તેમને કહ્યું કે, રાજ્ય સરકાર પશુ સંવર્ધન માટે પશુ આરોગ્ય મેળા યોજવાની સાથે હરતા-ફરતા પશુ દવાખાના શરૂ કરી પશુ સારવાર માટે સુલભ સુવિધા આપી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરે તત્કાલીન મુખ્યમંત્રી અને પ્રવર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં વીજળી, પીવાના પાણી સહિતની સમસ્યાનો ઉકેલ થયાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ૨૩ વર્ષ પહેલાં નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારે કચ્છના ભૂકંપની વિકટ આપદા સામે હતી. ત્યારે તેમાંથી ઉગારી અવિરત વિકાસયાત્રા ચાલી રહી છે. ગામ ગામથી જોડતા રસ્તાઓના નિર્માણથી રોડ કનેક્ટિવિટી મજબૂત બની છે. તેમણે સહિયારા સંપથી દેશ અને ગુજરાતની વિકાસયાત્રા આગળ લઈ જવા માટે ભાર આપ્યો હતો.



આ પ્રસંગે મંત્રીના હસ્તે પશુપાલકોને ઘાસચારાના બીજની કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, સંજયભાઈ કોરડીયા, અરવિંદભાઈ લાડાણી, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મુકેશભાઈ કણસાગરા જિલ્લા સહકારી બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામક ભરતસિંહ ગોહિલ, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ગોવિંદભાઈ હુંબલ, ઠાકરશીભાઈ જાવીયા, અરજણભાઈ દીવરાણીયા વંથલી એપીએમસીના ભાવેશભાઈ મેંદપરા સહિતના પદાધિકારી અધિકારી ઉપરાંત આસપાસના ગામના સરપંચો, અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે નાયબ પશુપાલન નિયામક દિલીપ પાનેરાએ શાબ્દિક સ્વાગત અને અંતમાં પ્રાંત અધિકારી કે.પી. ગોહિલે આભાર વિધિ કરી હતી.

# વિકાસ સપ્તાહ ઉજવણી અંતર્ગત ઉદ્યોગ સાહસિકતા માર્ગદર્શન કાર્યશાળા યોજાઇ

## સ્ટાર્ટઅપ અને ઈનોવેશન સેલ દ્વારા "કેવી રીતે સ્ટાર્ટઅપ કરવું" પર આયોજીત નિષ્ણાંત સત્ર દ્વારા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ પરત્વેની સાચી સમજ અને ઉદ્યોગ સ્થાપવા તરફ હકારાત્મક અભિગમ કેળવાશે : ચેતન ત્રિવેદી કુલપતિ

જૂનાગઢ, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજ્યની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આવા રૂડા અવસરનાં યાદગાર સમયને વધાવી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી થઈ રહી છે. ઉજવણીના ભાગરૂપ યુનિનાં અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓદ્વારા સુશાસન થકી વિકાસ, સ્ટાર્ટ અપ થકી સમૃધ્ધિ-ઉદ્યોગ સાહસિકતા માર્ગદર્શન કાર્યશાળા યોજી હતી.

ભક્તકવિ નરસિંહ મહેતા યુની.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીનાં માર્ગદર્શન તળે કોમર્સ વિભાગનાં વડા પ્રો.(ડો.) ભાવસીંહ ડોડીયાની દેખરેખમાં યોજાયેલ કાર્યશાળામાં વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતાને નવા વ્યવસાયની રચના, પ્રારંભ અને ચલાવવાની પ્રક્રિયા સહિતાનાં વિષયો પર જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યશાળાનાં કોઓર્ડિનેટર, સ્ટાર્ટઅપ સેલ ડો. મૃણાલ અંબાસણાએ જણાવ્યુ હતુ કે પ્રારંભે નાનો વ્યવસાય હોય તેને લોકો ઉદ્યોગસાહસિક તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે ઉદ્યોગસાહસિકતાની વ્યાખ્યા સામાન્ય રીતે વ્યવસાયો શરૂ કરવા અને ચલાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે સ્ટાર્ટ-અપ શરૂ કરવામાં જોખમોને લીધે, સ્ટાર્ટ-અપ ઉદ્યોગોનું નોંધપાત્ર પ્રમાણ "ભંડોળના અભાવ, ખરાબ વ્યવસાયિક નિર્ણયો, આર્થિક સંકટ, બજારની માંગનો અભાવ અથવા આ બધાના સંયોજન" ને કારણે બંધ થવું પડે છે.આવા સમયે ઉદ્યોગ સાહસિકોને વ્યવસાય ક્ષેત્રે સંભાવનાઓ અને સંઘર્ષનાં પરિબળોથી અવગત કરાવવામાં આવે તો ઉદ્યોગ સહાસિકતાની વૃધ્ધિ થાય છે. યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.)ચેતન ત્રિવેદીએ છાત્ર સંદેશામાં જણાવ્યુ હતુ કે વિકાસ સપ્તાહ ઉજવણી ઉદ્દેશ્યથી આયોજિત ફ્લેગશિપ કાર્યક્રમના ભાગરૂપે, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપ અને ઈનોવેશન સેલ દ્વારા "કેવી રીતે સ્ટાર્ટઅપ કરવું" પર જે નિષ્ણાંત સત્ર આયોજિત કરવામાં આવ્યું છે તેનાથી વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ પરત્વેની સાચી સમજ અને ઉદ્યોગ સ્થાપવા તરફ હકારાત્મક અભિગમ કેળવાશે. આજનાં સત્રમાં જે ૬૧ આશાવાદી છાત્ર સહભાગી બન્યા છે તેમને અભિનંદન પાઠવુ છુ. ડો.ત્રિવેદીએ ઉમેર્યુ હતુ કે આધુનિકતાના સાંપ્રત સમયે માત્ર આર્થિક વૃદ્ધિ વિકાસ એજ એકમાત્ર સૂચક વિકાસ નથી.




"વિકાસ" એક ખૂબ વ્યાપક ખ્યાલ છે જેમાં, આયોજિત દિશામાં આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક ઉન્નતિનો સમાવેશ થાય છે. સમગ્ર વિશ્વ દ્વારા ગુજરાતની માત્ર યોજના ઘડવાની તેની ક્ષમતા માટે જ નહી પણ સંતુલિત વિકાસની છાપ માટે પ્રશંસા કરવામાં આવે છે.ત્યારે વિવિધ ફલેગશીપ કાર્યક્રમો અને મીશનમોડ કાર્યક્રમો ચોક્કસ પડકરો અને સમગ્ર રાજયની સામાજિક - આર્થિક બાબતોને પહોંચી વળવા માટે અમલમાં છે. કોર્સ વિભાગનાં વડા પ્રો(ડો.) ભાવસિંહ ડોડીયાએ જણાવ્યુ હતુ કે સંપૂર્ણ રીતે વિચારશીલ અને બે તરફની ચર્ચા હતી, જેમાં વ્યક્તિગત રીતે પ્રશ્નોત્તરીનું સત્ર થયું. આ ઈવેન્ટે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ અને પૃષ્ઠાત્મક સંસ્કૃતિ માટે મંગળાત્મક પ્રતિસાદ ઉત્પન્ન કર્યો છે.

# વિસાવદર સાઠોદરા નાગર પરિવાર દ્વારા દશેરાએ હવન કરાયો

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૧૫

સમસ્ત સાઠોદરા નાગર પરિવારના જોશી પરિવારના કુળદેવી માં અંબા ભવાની મંદિર અને હાટકેશ્વર સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દશેરાના દિવસે સમસ્ત વિસાવદર તથા જૂનાગઢ સ્થિત જોશી પરિવારના તમામ વડીલો તથા કુટુંબીજનોની હાજરીમાં માતાજીના નવ નોરતા પુરા થતા માતાજીનો હવન રાખવામાં આવેલ હતો જેમાં યજમાન પદે વિરેનભાઈ દિનુભાઈ જોશી, મુકુંદરાય ધીરજલાલ જોશી, ઈન્દુકુમાર કનકરાય જોશી, રાજેન્દ્રકુમાર કનકરાય જોશી તથા પ્રફુલભાઈ છગનભાઈ જોશી બેસેલ હતા અને જોશી પરિવારની તમામ દિકરીઓએ તથા વહુઓએ એક સાથે માતાજીના ગરબા સાથે રાસ ગરબા લીધેલ હતા અને આ હવન કાર્ય પૂર્ણ થતાં સમગ્ર પરિવારના લોકોએ પ્રસાદી લીધેલ હતી. આ હવન કાર્યને સફળ બનાવવા માટે જોશી પરિવારના યુવા ગ્રૂપ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.



# કેશોદના નાની ઘંસારી ગામે શસ્ત્ર પુજન યોજાયું

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૧૫

દર વર્ષે દશેરા નિમિત્તે વિવિધ સંગઠનો વિવિધ સમાજો દ્વારા શસ્ત્ર પુજન પુજન કરવામા આવે છે જેમાં ઘણી જગ્યાએ ખેડુતો પણ પોતાના ખેત ઓજારો સહીત ખેતી ઉપયોગી હથીયારોનું પુજન કરતા હોયછે ત્યારે આરએસએસ કેશોદ દ્વારા તાલુકાભરના વિવિધ ગામોમાં શસ્ત્ર પુજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જે અનુસંધાને કેશોદ તાલુકાના નાની ઘંસારી રામ મંદિર ચોકમાં શસ્ત્ર પુજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભુદેવ જીતુભાઈ વ્યાસ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શસ્ત્ર પુજન કરાવવામાં આવ્યુ હતું. સસત્રોને જલાભિષેક કંકુ ચોખા સાથે ફુલોથી શસ્ત્રોનું પુજન કરવામાં આવ્યુ હતું જેનો ગ્રામજનોએ લાભ લીધો હતો કાર્યક્રમને સફળ બનાવવા લખમણભાઈ સોલંકીએ ભારે જહેમત ઉઠાવી શસ્ત્ર પૂજન કાર્યક્રમમા સહભાગી થયા હતા.



# રિલાયન્સ દ્વારા જી.જી. હોસ્પિટલને ૧૨૫ ઓક્સિજન કોન્સન્ટ્રેટરની ભેટ : સામાજિક ઉત્તરદાયિત્વનું ઉત્તમ ઉદાહરણ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૫

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા અવિરતપણે હાથ ધરાતાં સામાજિક ઉત્તારદાયિત્વના વિવિધ કાર્યો અંતર્ગત જામનગરની સરકારી શ્રી ગુરુ ગોબિંદસિંહ સરકારી હોસ્પિટલને ૧૨૫ નંગ ઓક્સિજન કોન્સન્ટ્રેટરની ભેટ આપવામાં આવી હતી.




અત્રે ઉલ્લેખનીય છે કે, રિલાયન્સના ધનરાજભાઈ નથવાણીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ શિક્ષણ, આરોગ્ય, રોજગાર નિર્માણ, મહિલા સશક્તિકરણ, યુવા કૌશલ્યવર્ધન સહિતની અનેક પ્રવૃત્તિઓ રિફાઈનરીની આજુબાજુના વિસ્તારમાં તો નિયમિત રીતે થાય જ છે, પરંતુ તાકીદની પરિસ્થિતીમાં જ્યારે જ્યારે યોગદાનની જરૂર ઉભી થાય ત્યારે રિલાયન્સ અચુકપણે જામનગર શહેર અને રાજ્યને મદદ કરવામાં અગ્રેસર રહે છે. કોરોનાના કપરા કાળમાં રિલાયન્સ દ્વારા નિર્માણ કરાયેલી ચિલ્ડ્રન કોવિડ હોસ્પિટલ, ઓક્સિજનનો પુરવઠો તથા અન્ય તબીબી સાધનો માટે થયેલી સેવાને લોકો આજે પણ યાદ કરે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તાજેતરમાં જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલને ૧૨૫ નંગ ઓક્સિજન કોન્સન્ટ્રેટરની ભેટ આપવામાં આવી હતી. ઓક્સિજન કોન્સેન્ટ્રેટર એ એક તબીબી ઉપકરણ છે જે હવામાંથી નાઈટ્રોજનને અલગ કરે છે. જેથી વ્યક્તિ ખૂબ શુદ્ધ ઓક્સિજન શ્વાસમાં લઈ શકે. શ્વાસોચ્છવાસને લગતી બિમારીઓ જેવીકે, ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ, કોવિડ-૧૯ અથવા અન્ય ફેફસાના રોગોમાં ઓક્સિજન કોન્સન્ટ્રેટર ઉપયોગી સાબિત થશે.

ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ જુદી જુદી બે પ્રકારની ક્ષમતાનાં આ ઓક્સિજન કોન્સન્ટ્રેટર પૈકી કેટલાંક ઉપકરણોનો સ્થાનિક હોસ્પિટલમાં ઉપયોગ કરવાની અને કેટલાંક પરત કરવાના ધોરણે દર્દીઓને તેમના ઘરે ઉપયોગ કરવા માટે આપવાનું આયોજન ધરાવે છે.

મેડીકલ સુપ્રીન્ટેડેન્ટ ડો. પી.આર. સકસેના, મેડીકલ કોલેજના ડીન ડો. નંદિની દેસાઈ, મેડીસીન વિભાગના વડા ડો. મનીષ મહેતા તથા એડમીસ્ટ્રેટીવ ઓફીસર ડો. બી.સી. કણસાગરાએ આ ભેટ બદલ ધનરાજભાઈ નથવાણી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રત્યે દર્દીઓના કલ્યાણની પ્રવૃત્તિમાં યોગદાન બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.

# કલ્યાણપુર તાલુકામાં આધશક્તિની અનેરી ઉપાસના : ૧૧૧ દીકરીઓના પગ ધોઇ ચાંદીનું દાન



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા. ૧૫

નવરાત્રિના પવિત્ર તહેવારમાં ગ્રામીણ વિસ્તારોમાં બાળાઓ દ્વારા ગરબીમાં રાસ રમીને માતાજીની ભક્તિ કરવામાં આવે છે. ત્યારે આદ્યશક્તિના પવિત્ર નોરતામાં હાલ ખંભાળિયા રહેતા આહીર સમાજના યુવા અગ્રણી મારખીભાઈ આંબલીયા પોતાના ઉમદા ધાર્મિક કાર્યને લઈને ચર્ચામાં છે. મારખીભાઈએ પોતાના વતન મેઘપર ટીટોડી ગામે ગરબી મંડળમાં રાસ રમતી ૧૧૧ દીકરીઓના પગ ધોઈ તમામ દીકરીઓને ચાંદીની વીંટીને દાન કરવામાં આવી હતી. ત્યારે ગયા વર્ષે પણ દિકરીઓને સોનાનું દાન કરવામાં આવ્યું હતું. આ વર્ષે ૧૧૧ દીકરીઓના પગ ધોઈ પૂજા અર્ચના કરીને મારખીભાઈ આંબલીયા દ્વારા તમામ દિકરીઓને ચાંદીની વીંટીનું દાન કરવામાં આવ્યું હતું.

# દ્વારકાધીશ જગત મંદિરમાં વિજયાદશમી પર્વની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૫

દ્વારકાધીશ જગતમંદિરમાં દશેરા પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. દ્વારકાના રાજાધિરાજ દ્વારકાધીશને શસ્ત્રોથી સજ્જ સ્વરૂપમાં વિશિષ્ટ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યો હતો. જગતમંદિરના પૂજારી પ્રણવભાઈના જણાવ્યા અનુસાર વિશેષ દિવસોમાં ઠાકોરજીને જડાવી ધારણ કરવામાં આવે છે. જેમાં ઠાકોરજી શંખ, ચક્ર, ગદા તથા પદ્મ ધારણ કર છે. દશેરામાં ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્રનું પૂજન કરાતું હોય, રાજાધિરાજ પણ દ્વારકાના રાજા હોવાથી વિશેષ વસ્ત્ર પરિધાન અને તલવાર તથા ઢાલ ધારણ કરાવવામાં આવ્યા હતા. ઠાકોરજીના દિવ્ય શૃંગાર દર્શન મનોરથનો લાભ ભાવિકોને પ્રત્યક્ષ તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી લીધો હતો.



સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# નક્સલીઓનો સફાયો

છત્તીસગઢના અબૂઝમાડ વિસ્તારમાં ત્રીસથી વધુ નક્સલીઓને ઠાર મારવામાં મળેલી સફળતા તેની પરિચાયક છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર નક્સલી સંગઠનોનો સફાયો કરવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતાનો પરિચય એનાથી મળે છે કે છત્તીસગઢમાં આ વર્ષે અત્યાર સુધી ૧૮૦થી વધુ નક્સલી માર્યા ગયા છે. આ સંખ્યા એટલા માટે ઉલ્લેખનીય છે કે પાછલાં પાંચ વર્ષોમાં બસ્સોની આસપાસ જ નક્સલીને ઠાર કરી શકાયા છે. તેનાથી ખબર પડે છે કે છત્તીસગઢમાં ભાજપ સરકાર આવ્યા બાદથી નક્સલીઓ વિરુદ્ધ ક્યાંય વધુ સખ્તાઈનો પરિચય આપવામાં આવી રહ્યો છે. એમ તો પાછલી કોંગ્રેસ સરકાર પણ નક્સલીઓ વિરુદ્ધ સક્રિય હતી, પરંતુ તે હંમેશાં ઢીલીપોચી જણાતી હતી અને તે પણ ત્યારે, જ્યારે નક્સલીઓએ કોંગ્રેસના કેટલાય મોટા નેતાઓને નિશાનો બનાવ્યા હતા. જો નક્સલીઓનો સામનો કરવો હોય તો તેમના પ્રત્યે કડક વલણ અખત્યાર કરવું પડશે અને તેમને એ સંદેશ પણ આપવો પડશે કે તેઓ બંદૂકના જોરે વ્યવસ્થા પરિવર્તન કરવા અને બંધારણ તથા લોકતંત્ર ખતમ કરવાનો ભ્રમ છોડી દે. જોકે નક્સલી વારંવારના આગ્રહ બાદ પણ હથિયાર છોડીને મુખ્યધારામાં સામેલ થવાનો ઈનકાર કરી રહ્યા છે, તેથી તેમનું દમન કરવા સિવાય બીજો કોઈ ઉપાય રહેતો નથી.

નક્સલી નેતા અને તેમના સમર્થકો ભલે એ ખોટો પ્રચાર કરે કે નક્સલી સંગઠન ગરીબ આદિવાસીઓના હિતો માટે લડી રહ્યા છે, પરંતુ સત્ય એ છે કે તેઓ આતંકના જોરે ખંડણી વસૂલનારી ટોળકીમાં તબદીલ થઈ ગયા છે. તથ્ય એ પણ છે કે તેઓ જે આદિવાસીઓના હિતેચ્છુ હોવાનો દેખાડો કરે છે, તેમને જ વિકાસ અને જનકલ્યાણકારી યોજનાઓથી વંચિત કરવાનું કુચક્ર રચે છે. વાસ્તવમાં તેઓ ગરીબ આદિવાસીઓના મોટામાં મોટા શોષક છે. મોદી સરકાર સત્તામાં આવ્યા બાદથી નક્સલી સંગઠનો વિરુદ્ધ જે સખ્તાઈ દેખાડવામાં આવી છે, તેને કારણે એક મોટી હદ સુધી તેમની કમર તૂટી ગઈ છે. એટલું જ નહીં, તેમના દાયરાને સીમિત કરવામાં પણ સફળતા મળી છે. તેમને સંપૂર્ણ નિષ્પ્રભાવી કરવાનું અભિયાન ચાલતા રહેવું જોઈએ, કારણ કે ભૂતકાળમાં એ જોવા મળ્યું છે કે સુરક્ષા દળોના દબાણને કારણે તેઓ થોડા સમય માટે નિષ્ક્રિય થઈને ફરીથી પોતાની તાકાત એકત્ર કરી લે છે. હવે તેમને ફરીથી સંગઠિત અને તાકાતવર થવાનો મોકો ન આપવો જોઈએ. તેના માટે એ જરૂરી છે કે છત્તીસગઢની જેમ તેના પડોશી રાજ્યો પણ નક્સલીઓનો ખાત્મો કરવા માટે કમર કસે અને કેન્દ્ર સરકાર સાથે પૂરતો સહયોગ કરે. એવું કરીને જ માર્ચ ૨૦૨૬ સુધી નક્સલીઓનો સફાયો કરવાના લ-યને મેળવી શકાશે. હવે જ્યારે નક્સલીઓની તાકાત ઘટતી જાય છે, ત્યારે એ જોવાની પણ જરૂર છે કે તેમને આધુનિક હથિયારો ક્યાંથી મળી રહ્યા છે? તેની અવગણના ન કરી શકાય કે ગત રોજ અથડામણમાં માર્યા ગયેલા નક્સલીઓ પાસે એકે-૪૭ જેવાં હથિયાર મળ્યાં છે.

## ISROનું મોટું મિશન
# અંતરિક્ષમાં અલગ-અલગ સેટેલાઈટનું ડોકિંગ કરવાની તૈયારી શરૂ કરાઈ



નવી દિલ્હી, તા.૧૫

ISRO એક ખૂબ જ મોટા મિશનની તૈયારી કરી રહ્યું છે. આ મિશન દ્વારા ISRO અંતરિક્ષમાં બે અલગ-અલગ અવકાશયાનને જોડવાનો પ્રયાસ કરશે. આ એક SPADEX (સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ્સ) મિશન છે. આ પ્રક્રિયા ચંદ્રયાન ૪ માટે કરવામાં આવશે. ચંદ્રયાન માટે ડોકિંગ ખૂબ જ જરૂરી છે જેમાં બે અલગ-અલગ ભાગોને જોડવામાં આવે છે. હાલમાં SPADEXમાં સેટેલાઈટનું ઉમેરો કરવામાં આવી રહ્યો છે. આ પૂરા થયા બાદ તેનો પરીક્ષણ કરવામાં આવશે. ત્યાર બાદ તેમાં સફળતા મળી તો તેને અવકાશમાં મોકલવામાં આવશે. આ પ્રક્રિયા ૧૫ ડિસેમ્બર આસપાસ કરવામાં આવી શકે છે.

SPADEX મિશનનું મુખ્ય કાર્ય બે અલગ-અલગ વસ્તુઓને જોડવાનું છે. સેટેલાઈટના બે ભાગોને જોડવાની તે પ્રક્રિયાને SPADEX કહેવામાં આવે છે. ચંદ્રયાન ૪ માટે આ પ્રક્રિયા ખૂબ જ ઉપયોગી થશે. ચંદ્રયાન સાથે સતત સંપર્કમાં રહેવા અને તેના પર નજર રાખવા માટે વિવિધ સેટેલાઈટ અલગ-અલગ જગ્યાએ રાખવામાં આવશે. આ સેટેલાઈટને એક જ રોકેટમાં કનેક્ટ કરીને મોકલવામાં આવશે અને અવકાશમાં તેને અલગ-અલગ મૂકવામાં આવશે.

અવકાશમાં અલગ-અલગ જગ્યાએ રાખ્યા બાદ તે ચંદ્રયાન પર નજર રાખશે. તેના પર નજર રાખ્યા બાદ તેને ફરી એક કરવાની જરૂર પડશે ત્યારે તે આપોઆપ એક જ ઓરબિટમાં આવશે. ત્યારબાદ એકમેકની નજીક આવ્યા પછી તેને જોડવામાં આવશે. આ મિશન પૂરું થયા બાદ ISRO ગગનયાનના બે મિશન કરશે. તેમાં પહેલું ટેસ્ટ વ્હિકલ ડેમોન્સ્ટ્રેશન-૨ અને ત્યારબાદ બીજી ટેસ્ટ માનવરહિત મિશન ૮૧ કરવામાં આવશે. ત્યાર બાદ ઈન્ટીગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટ અને પેડ અબોર્ટ ટેસ્ટ પણ કરવામાં આવશે. G1 મિશનમાં હ્યુમનોઈડ વ્યોમમિત્ર મહિલા રોબોટ પણ જશે. તેના પર શું અસર પડે છે એની સ્ટડી કરવા માટે આ રોબોટને મોકલવામાં આવશે. G1માં એક સીટ પર વ્યોમમિત્ર અને બીજી સીટ પર એનવાયરમેન્ટ કંટ્રોલ એન્ડ લાઈફ સપોર્ટ સિસ્ટમ હશે. આ બંનેના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવશે. આ મિશન દ્વારા ખબર પડશે કે અવકાશમાં માનવ પર શું અસર પડી શકે છે. આ સાથે જ ઈલેક્ટ્રોનિક્સમાં હાર્ડવેર અને સોફ્ટવેર પર શું અસર પડે છે તે પણ જાણી શકાશે.

# આગામી બુધવારે મધુવન પાર્ટી પ્લોટમાં માત્ર વૈષ્ણવો માટે રાસ મહોત્સવનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢમાં આગામી બુધવારે મધુવન પાર્ટી પ્લોટમાં રાસ મહોત્સવ યોજાશે. સાનિધ્ય ગૃપ દ્વારા માત્ર વૈષ્ણવો માટે આ આયોજન કરવામાં આવ્યું છે. આમાં શ્રેષ્ઠ પર્ફોર્મન્સ દાખવનારને આકર્ષક ભેટ પણ આપવામાં આવશે.શરદપુર્ણિમાં નિમિત્તો સાનિધ્ય ગૃપ દ્વારા સૌપ્રથમ વાર રાસ મહોત્સવનું આયોજન શ્રી વિઠ્ઠલેશ ભવનના શરદ વલ્લભરાયજી મહારાજના આશીર્વાદથી કરવામાં આવ્યું છે. અહિં ફક્તને ફક્ત વૈષ્ણવોના વિચારથી ધોળ, પદ ઉપર જ રાસનું આયોજન છે. આ રાસ મહોત્સવ ૧૬ ઓકટોબર- બુધવારના રાતના ૯ વાગ્યે મધુવન પાર્ટી પ્લોટમાં યોજાશે. અહિં પ્રવિણ બારોટ, દર્શન જાની, જયાબેન મિસ્ત્રી જેવા ગાયક કલાકારો વૈષ્ણવ સંપ્રદાયને લગતા ધોળ, પદ વગેરે રજૂ કરશે જેના સથવારે દરેક વૈષ્ણવો આનંદ લઈ શકશે. રાસ મહોત્સવમાં સુંદર રીતે જે વૈષ્ણવોએ પોતાનું આગવું વ્યક્તિત્વ આપેલ હશે તેને સાનિધ્ય ગૃપ દ્વારા આકર્ષક ભેટ આપવામાં આવશે. માત્ર વૈષ્ણવો માટે આયોજીત રાસ મહોત્સવને સફળ બનાવવા રસીક પોપટ, ધ્રૂમીલ રૂપારેલીયા, અશોક સીરોદરીયા, પીન્ટુ ખખ્ખર, કલ્પેશ ખોડા, જયેશ રૂપારેલીયા, ધ્રુવ રૂપારેલીયા, મુન્નાભાઈ કોટક, દિપ ચંદારાણા, ધવલ મીઠીયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# દ્વારકા ખાતે આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૫

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત પ્રોગ્રામ ઓફિસરશ્રી આઈ.સી.ડી.એસ. ડો.ચંદ્રેશ ભાંભીના માર્ગદર્શન હેઠળ ‘‘આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ’’ નિમિતે આઈ.સી.ડી.એસ. દ્વારકા ઘટકમાં દ્વારકા મુકામે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કિશોરીઓને એનીમિયા અને જાતીય સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવી, દીકરીઓને યોગ અને પ્રાણાયામ કરાવી અને યોગના મહત્વ અંગે સમજાવીને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા સમજ આપવામાં આવી હતી. ઉપરાંત આઈ.સી.ડી.એસ ટીમ દ્વારા ટી.એચ.આર અને મીલેટસ માંથી બનતી વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ જેવી કે, ૧૮૧ મહિલા હેલ્પલાઈન, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર, વ્હાલી દીકરી યોજના વગેરે વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ. દ્વારકાના બાળ વિકાસ યોજના અધિકારી કાજલબેન ગોધમ તથા તેમની ટીમ, જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.વિવેક શુક્લા અને તેમની ટીમ, પ્રોજેક્ટ તુષ્ટિની ટીમ તેમજ IIPHG કો ઓર્ડીનેટર ડો.શિલ્પાબેન, પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર દર્શનાબેન, પ્રોજેક્ટ પાપા પગલી ના દીપાલીબેન, પૂર્ણા યોજના માંથી મિતલબેન તથા આંગણવાડી વર્કર બહેનો તેમજ કિશોરીઓએ હાજરી આપી હતી.

## પ્રાચીમાં ખોવાયેલ મોબાઈલ મુળ માલિકને પોલીસે પરત કર્યો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તા.૧૫

પ્રાચી તીર્થના પ્રતિષ્ઠિત વેપારી પ્રકાશભાઈ ગરેજા સારંગપુર જતા તેમનો મોબાઈલ ખોવાઈ ગયેલ હતો. બરવાળા પોલીસ સ્ટેશન જિલ્લો બોટાદ ખાતે ફરિયાદ નોંધાવતા બરવાળા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. પંચાલ તથા એએસઆઈ શક્તિસિંહ તથા સ્ટાફ દ્વારા મોબાઈલની શોધ કરી મૂળ માલિક પ્રકાશભાઈ ગરેજાને સુપ્રત કરેલ હતો.(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# ઊનાની જીઈબી સોસાયટીમાં ગરબી મંડળ દ્વારા કુમારિકા બાળાઓનું પૂજન કરી શિક્ષણ કીટ આપી સન્માન કરી બેટી બચાવો બેટી પઢાઓનો સંદેશ આપ્યો




(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૫

ઊના શહેરમાં વેરાવળ રોડ ઉપર આવેલ જી.ઈ.બી. સોસાયટીમાં છેલ્લા ૧૫ વરસથી શ્રી ખોડીયાર ગરબી મંડળ દ્વારા નવરાત્રીની નવ દિવસ સુધી માતાજીની પૂજા અર્ચના કરી માતાજી આરાધના કરવામાં આવે છે. આ વખતે આયોજકો દ્વારા ગરબે રમવા આવતી માં દુર્ગાના રૂપ સમી કુમારિકા બાળાઓનું કુમકુમ તિલક કરી ફૂલહાર પહેરાવી મોઢું મીઠું કરાવી તમામ બાળાઓ શિક્ષિત બને તે માટે શિક્ષણ કીટ આપી શિક્ષિત બની આજના સમયમાં સ્ત્રીઓ અને દીકરીઓ ઉપર અત્યાચારના બનાવો વધ્યા છે ત્યારે દીકરી અબળા નહી પરંતુ સબળા બની દેશ પરિવારનું રક્ષણ કરે તેમજ શિક્ષિત દિકરી પેઢીને તારે છે તેવી શુભ કામનાઓ આપી હતી.

# દ્વારકા ખાતે ભીંત ચિત્રો દોરી વિકસિત ભારતના નિર્માણમાં યુવાનો સહભાગિતા અદા કરવા જાગૃત કરાયા




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૫

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા અને ગુજરાતની વિકાસયાત્રાના નવા આયમની શરૂઆત થઈ હતી. ૨૩ વર્ષની અભૂતપૂર્વ વિકાસની ગૌરવભેર ઉજવણી રૂપે ગુજરાત સરકાર વિકાસ સપ્તાહ મનાવી રહી છે. જેના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વારકા ખાતે ભીંતચિત્ર દોરવામાં આવી રહ્યા છે. ગુજરાતની વિકાસગાથા અંગે ચેતના અને ગૌરવ બુલંદ કરવા માટે તેમજ યુવાનો વિકસિત ભારતના નિર્માણ માટે જાગૃત થાય તેવો ભીંતચિત્ર દોરવા પાછળનો ઉમદા આશય છે.

# ગીર ગઢડા તાલુકાના પાણખાણ ગામે રૂા.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ શાળાનું લોકાર્પણ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૫ : ઉના તથા ગીરગઢડા તાલુકાના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડએ ગીર ગઢડા તાલુકાના પાણખાણ ગામે રૂા.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ માધ્યમિક શાળાના બિલ્ડિંગનું લોકાર્પણ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે ગામના સરપંચ તેમજ આગેવાનો અને શિક્ષકગણ વિદ્યાર્થીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# સાંસદ રામભાઈ મોકરીયાની ગ્રાન્ટમાંથી વિંછીયા સી.એચ.સી.ને આઈ.સી.યુ. એમ્બ્યુલન્સ ફાળવાઈ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૫

પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ વિંછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નવી આઈ.સી.યુ. એમ્બ્યુલન્સ નગરિકોના આરોગ્યની સુખાકારી માટે ખુલ્લી મૂકી હતી. રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાની ગ્રાન્ટ માંથી વિંછીયા ખાતે આવેલ રાજેશ્રીબેન વિપુલભાઈ પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નવી આઈ.સી.યુ. એમબ્યુલન્સને લીલીઝંડી આપી લોકોના આરોગ્યની સુખાકારી માટે ખુલ્લી મુકવામાં આવી હતી. મંત્રીની સાથે સાંસદ રામભાઈ મોકરીયા પણ આ તકે સાથે જોડાઈ એમ્બ્યુલન્સને લીલીઝંડી આપી આ એમ્બ્યુલન્સ વિંછીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા તાલુકાના ગ્રામીણ વિસ્તારો માટે તથા બિમાર લોકોને ઈમરજન્સીના સમયે આરોગ્યની સેવાઓ પૂરી પાડવા ઉપયોગી બનશે તેમ જણાવ્યું હતું.

# જૂનાગઢમાં નવદુર્ગા ગરબી મંડળ દ્વારા બાળાઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા.૧૪

દશેરાના દિવસે આદિત્યશ્વેરમહાદેવ મંદિર આદિત્યનગર-૧ નવદુર્ગા ગરબી મંડળની ૨૯૨ બાળાઓને ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં નવદુર્ગા ગરબી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ કારેણા, મંદિરના મહંત કલ્યાણપુરી બાપુ, ઉપેન્દ્રસિંહ ચુડાસમા, આશિષભાઈ મહેતા, ટીનાભાઈ આહીર, અંકુરભાઈ રાઠોડ, પ્રતાપસિંહ રાઠોડ તેમજ આદિત્ય યુવક કંડળના તમામ સભ્યો ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# રામાયણને પથદર્શક બનાવાનાર રતન ટાટાની યાદમાં મીઠાપુરમાં રાવણ દહન સાથે ભવ્ય આતાશબાજી દ્વારા ઉજવણી

(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૧૫



ઓખા મંડળને પોતિકુ સમજનાર અને દેશને શોકમગ્ન કરનાર રતન ટાટાની ઓચિંતી વિદાયે દેશ દુનીયાને શોકમગ્ન કરી વિદાય લીધી પણ તેમણે પારશી ધર્મ સાથે હિન્દુ ધર્મના મર્યાદા પુરૂષોતમ શ્રી રામજીને પોતાના પાથદર્શક બનાવેલ હોય તેમ સત્યને જીવનમાં પ્રથમ સ્થાન આપવું અને મર્યાદામાં રહી જીવન જીવવાનું સાથે સાથે શ્રી રામજીની માફક સમાજમાં દૈવી વ્યકતિઓનો ઉદ્ધાર કરવો અને દાનવોનો સંહાર કરવાના બદલે તેમનો પણ ઉદ્ધાર કરવામાં માનતા રતન ટાટા આજદિન સુધી વિશ્વ માં અજાત શત્રુ(શત્રુ વિહિન) જીવન જીવી ગયા અને મહાત્મા ગાંધીની માફક મારૂ જીવન જ મારો સંદેશો કહેનાર રતન ટાટાનો સંદેશ ફક્ત તેટલો રહ્યો છે કે સમાજમાં રામાયણને આપનાવો મહાભારતને નહીં તે સંદેશને જન માનસ સુધી પહોંચાડવા માટે દશેરા શુભ અને પવિત્ર દિવસે ઓખા મંડળ તાલુકા એ પહેલા ભાવભીની શ્રદ્ધાંજલીનો કાર્યક્રમ દ્વારકા ખાતે ધારાસભ્ય, તાલુકા ચેમ્બર ઓફ કોમર્સ, ટાટા કેમિકલ્સ અને સમગ્ર જન સમાજે યોજ્યા બાદ તરત જ તેમના સૂચનથી મીઠાપુર ખાતે વર્ષોથી કરાતી દશેરાના રાવણ દહન અને શ્રી રામજીના વિજયોતસ્વની આતાશબાજી સાથે તેમની યાદ ભવ્ય ઉજવણીનો કાર્યક્રમ મીઠાપુરમાં મનાવી શોકમગ્ન તાલુકાની પ્રજાના જન માણસને ઉર્જાના સંચાર સ્વરૂપ આનંદ ઉલ્લાસનો માહોલ બનાવી તેમણે જેમ પારશી ધર્મમાં જન્મ લીધા છતાં તેમની અંતિમ ક્રિયા હિન્દુ ધર્મ પ્રમાણે અગ્નિ સંસ્કાર દ્વારા કરી તેમના સ્વજનોએ પહેલા તે હિન્દુસ્તાનના હોય અને તે હિન્દુ છે તે સિદ્ધ કરી આપ્યું. ત્યારે અહીં આ દશેરાના રાવણ દહન અને શ્રી રામજી વિજ્યોત્સવની આતાશબાજી પણ તેમના સૂચન મુજબ જ ચાલુ કરવામાં આવેલ દશેરા ત્યારે આજ તે ઉજવણી તેમની યાદમાં ખાશ આનંદ માટે આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ મીઠાપુર ખાતે યોજવામાં આવેલ જેના આકર્ષણોમાં નગર શોભાયાત્રા, રામાયણ ઉપર પ્રશ્નોના જવાબ આપો અને ઈનામો જીતોની ક્વિઝ કોમ્પિટિશન અને નવરાત્રીની ઉજવણીની હરિફાઈ અને આયોજનને ઈનામો આપી સત્કારવાનું આયોજન પણ કરવામાં આવેલ જેનો લાભ સમગ્ર તાલુકાની જનતા એ આનંદ ઉલ્લાસ સાથે માણ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એકવાર અવિશ્વાસુ નિવડેલાનો કદીય વિશ્વાસ ન કરવો.

- પંચતંત્ર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૧૩ ભોમપ્રદોષ, પંચક તા.૧૫ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૧૧, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, ગંડ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૪૮, સૂ.અ.૬:૨૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), સાંજે ૪:૪૮ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક લાભની તક મળે. પરિશ્રમનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો.
વૃષભ:મન પ્રફુલિત રહે. કાર્યબોજમાં વધારો થાય.
મિથુન:અગત્યની મુલાકાત સફળ નીવડે. રોકાયેલા નાણાં છૂટા થાય.
કર્ક: વ્યર્થ વાદ-વિવાદના ભોગ બનવું પડે. આર્થિક સમસ્યા રહે.
સિંહ: કૌટુંબિક પ્રશ્નો ગુંચવાય. કાર્યમાં અવરોધ જણાય.
કન્યા: પુરૂષાર્થથી શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. લાભની તક સાંપડે.
તુલા: મનની મનમાં રહી જાય. વ્યર્થ ક્રોધ અનુભવાય.
વૃશ્ચિક:આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
ધન: જાહેરક્ષેત્રને લગતા કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
મકર: ધીરજના ફળ મીઠા મળે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કુંભ: ધંધાકીય ક્ષેત્રે સફળતાની તક પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો આગળ ધપે.
મીન: વિરોધીઓને કારણે કાર્યમાં રૂકાવટ આવે. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

# વિકસિત ભારત @૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં ક્ષેત્રે નવા રોકાણોથી સર્વગ્રાહી વૃદ્ધિનું વાતાવરણ ઊભું કરવાનો નિર્ધાર

## વિકાસ સપ્તાહ અંતર્ગત રાજ્યની IT અને ITeS પોલિસીમાં વ્યાપક ફેરફારો જાહેર કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની પ્રવર્તમાન IT અને ITeS પોલિસી દ્વારા ઈનોવેશનને પ્રોત્સાહન આપીને ઉભરતી ટેકનોલોજી માટે વધુ સુદ્રઢ ઈકોસિસ્ટમ ઉભી કરવા આ પોલિસીમાં વધુ વ્યાપક જોગવાઈઓ-ફેરફારો વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત કર્યા છે. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૦૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે સેવા દાયિત્વ સંભાળીને રાજ્યમાં ટેકનોલોજી પ્રેરીત વિકાસ સહિતના વિકાસની જે નવી દિશા આપી છે તેની સફળતાના ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ૨૩ વર્ષના સુશાસનની વિકાસ સપ્તાહ દ્વારા ઉજવણીનો અભિગમ અપનાવ્યો છે. આ વિકાસ સપ્તાહ દરમ્યાન વિવિધ લોકાર્પણ ખાતમુહૂર્ત સાથોસાથ વિકસિત ભારત @૨૦૪૭ના વડાપ્રધાનના વિઝનને વિકસિત ગુજરાતથી પાર પાડવા રાજ્યની IT અને ITeS પોલિસીને વધુ પ્રોત્સાહક બનાવવામાં આવી છે. આ પોલિસીમાં આપવામાં આવનારા પ્રોત્સાહનથી વિકાસના રોલ મોડેલ ગુજરાતમાં ડીપ ટેક સ્ટાર્ટઅપને વેગ મળશે. એટલું જ નહીં આ અપડેટેડ પોલિસી ફ્રેમ વર્કમાં હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, બ્લોક ચેઈન, બિગ ડેટા અને ડેટા સાયન્સ જેવી અતિ આધુનિક ટેકનોલોજી પણ આવરી લેવાઈ છે. એટલું જ નહિ, IT અને ITeS પાર્ક સંબંધે પણ આ પોલોસીમાં વધુ સ્પષ્ટતા કરવામાં આવી છે. ઓગમેન્ટેડ રિયાલિટી (એઆર), વર્ચ્યુઅલ રિયાલિટી (વીઆર) અને મિક્સ્ડ રિયાલિટી (એમઆર) અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગથી ગુજરાતનું આઈટી ક્ષેત્ર વૈશ્વિક તકનીકી પ્રગતિ સાથે જોડાયેલું છે તેની પણ આ પોલિસી દ્વારા ખાતરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં IT અને ITeS પોલિસીમાં જે મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે તે મુજબ CAPEX માટે સંશોધિત ટકાવારી(બિલ્ડીંગના બાંધકામ અને ખરીદી, કોમ્પ્યુટર, સોફ્ટવેર, નેટર્વકિંગ સંબંધિત હાર્ડવેર અને અન્ય સંબંધિત નિશ્ચિત અસ્કયામતો) અને OPEX સપોર્ટ (લીઝ રેન્ટલ, ક્લાઉડ, બેન્ડવિડ્થ, પેટન્ટ, પાવર ટેરિફ સપોર્ટ) પાત્ર સંસ્થાઓ માટે ઉપલબ્ધ છે. IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે CAPEX પ્રોત્સાહનો ૨૫% થી વધારીને ૩૦% કરવામાં આવ્યા છે. OPEX સપોર્ટ અને વિશેષ પ્રોત્સાહનો તમામ પાત્ર સંસ્થાઓ માટે ઉપલબ્ધ રહેશે. પોલિસીમાં આપવામાં આવેલા વિશેષ પ્રોત્સાહનોમાં રાજ્યમાં સર્જાયેલી દરેક નવી અને અનોખી નોકરી માટે રૂપિયા ૬૦,૦૦૦ સુધીની સહાય, ટર્મ લોન ઉપર ૭ ટકા સુધીની વ્યાજ સહાય, આત્મનિર્ભર ગુજરાત હેઠળ ચૂકવવામાં આવતી EPF રકમ હેઠળ નોકરીદાતાના વૈધાનિક યોગદાનના ૧૦૦ ટકા સુધીની ભરપાઈનો સમાવેશ થાય છે. રોજગાર સહાય અને વીજળી ડ્યુટીની ૧૦૦% ભરપાઈનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ પોલિસીના સુધારા ICT અને ડીપ ટેક ઈન્ક્યુબેટર્સ માટે CAPEX અને OPEX સપોર્ટ આપશે. ICT અને ડીપ ટેક એક્સિલરેટર્સ માટે રોકાણની સુવિધા પૂરી પાડશે અને R&D, પ્રોટોટાઈપ બનાવટ અને ઉત્પાદન વિકાસ, પેટન્ટ ફાઈલિંગ, ગુણવત્તા જેવા ક્ષેત્રોમાં ICT અને ડીપ ટેક સ્ટાર્ટઅપ્સને સહાય અપાશે. સર્ટિફિકેશન, લીઝ રેન્ટલ અને વહેંચાયેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરેને પણ આવરી લેવાશે. આ પોલિસી દ્વારા આઈ.ટી. ક્ષેત્રના ગ્લોબલ ઈન-હાઉસ સેન્ટર્સ(GIC)/ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ(GCC) માટે પ્રોત્સાહનો પણ પૂરા પાડવામાં આવશે. GIC/GCC IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૩૦% CAPEX સપોર્ટ, નોન-IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૨૦% CAPEX સપોર્ટ, ૧૫% OPEX સપોર્ટ અને રોજગાર નિર્માણ પ્રોત્સાહન, વ્યાજ સબસિડી, ઈલેક્ટ્રિક ડ્યુટી પ્રોત્સાહન જેવા વિશેષ પ્રોત્સાહનો માટે પાત્ર હશે. અને આત્મનિર્ભર ગુજરાત રોજગાર સહાય હેઠળ EPF સપોર્ટ અપાશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ), મશીન લર્નિંગ (એમએલ), ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈઓટી), બ્લોકચેન, બિગ ડેટા અને ડેટા સાયન્સ, ઓગમેન્ટેડ રિયાલિટી (એઆર), વર્ચ્યુઅલ રિયાલિટી (વીઆર) અને મિક્સ્ડ રિયાલિટી (એમઆર)માં ડીપ-ટેક ડેવલપમેન્ટને આગળ વધારવા માટે MR અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ નીતિ અને ડીપ ટેક સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપનાની દરખાસ્ત પણ આ પોલિસી સુધારામાં સમાવિષ્ટ છે, આના પરિણામે AI-આધારિત ઉકેલો માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન થશે અને ઉદ્યોગ-તૈયાર પ્રતિભાને પ્રોત્સાહન મળશે. ખાસ કરીને ટાયર-૩ અને તેનાથી ઉપરના ડેટા કેન્દ્રો હવે CAPEX સપોર્ટ, OPEX સપોર્ટ અને વિશેષ પ્રોત્સાહનો માટે પાત્ર છે. CAPEX અને OPEXના સંદર્ભમાં IT પાર્ક માટે પણ સપોર્ટ આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન અનુરૂપ વિકસિત ભારત @૨૦૪૭ના નિર્માણમાં ગુજરાતમાં IT અને ITes ક્ષેત્રે નવા રોકાણો અને સર્વગ્રાહી વૃદ્ધિ માટે ગતિશીલ વાતાવરણ ઊભું કરીને વિકસિત ગુજરાત બનાવવાનો ધ્યેય IT અને ITeS પોલિસીના આ ફેરફારો થકી સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 'નવી ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪' લોન્ચ કરશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૧થી રાજ્યનું શાસન દાયિત્વ સંભાળીને નીતિ આધારિત વિકાસનો મજબૂત પાયો નાંખીને ગુજરાતને પોલિસી ડ્રિવન સ્ટેટ બનાવ્યું છે. તેમના સફળ સુશાસનના ૨૩ વર્ષ પૂર્ણ થવા અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યવ્યાપી 'વિકાસ સપ્તાહ' ઉજવાઈ રહ્યું છે. આ વિકાસ સપ્તાહ દરમ્યાન વિવિધ થીમ આધારિત દિવસોની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યમાં વિકાસ સપ્તાહ અંતર્ગત આજે તા.૧૫ ઓક્ટોબરે ગાંધીનગર ખાતેથી 'નવી ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪' લોન્ચ કરશે. હાલના ભૂ-રાજનૈતિક પરિપ્રેક્ષ્યમાં આ નવી ટેક્સટાઈલ પોલિસીનું લોન્ચીંગ એક મહત્વપૂર્ણ કદમ પુરવાર થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને દિશાદર્શનમાં આ વિકાસ સપ્તાહ દરમ્યાન વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત, નવા વિકાસ કામોની મંજૂરીના ઉપક્રમ યોજાઈ રહ્યાં છે.

વિકાસ સપ્તાહ ઉજવણીના અંતિમ દિવસે તા.૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણીના ભાગરૂપે રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા 'નવી ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪' લોન્ચની સાથે સાથે વિવિધ ઉદ્યોગ પ્રોત્સાહક ઉપક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં GIDCના રૂ.૫૬૪ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ વિવિધ વિકાસ કામો પૈકી રૂ.૪૧૮ કરોડના ખર્ચે ઈ-ખાતમુહૂર્ત તેમજ રૂ.૧૪૬ કરોડના ખર્ચે ઈ-લોકાર્પણના પ્રકલ્પોની ભેટ રાજ્યના ઉદ્યોગોને મળવાની છે. આ ઉપરાંત, મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ અંતર્ગત ૫,૫૦૦ યુનિટને રૂ.૧,૦૦૦ કરોડથી વધુ મૂલ્યની સહાયનું વિતરણ પણ કરવામાં આવશે.

**'વિકાસ સપ્તાહ' અંતર્ગત ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી અંતર્ગત રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે વિવિધ ઉપક્રમોનું આયોજન : GIDCના રૂ.૫૬૪ કરોડના વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરાશે : ૫,૫૦૦ ઉદ્યોગ યુનિટ્સને રૂ.૧,૦૦૦ કરોડથી વધુ મૂલ્યની સહાયનું વિતરણ**

# અન્ડર ટ્રાયલ કેદીઓને સુપ્રીમ કોર્ટ દ્વારા મોટી રાહત, તેઓ નવા કાયદાનો લાભ લઈ શકશે; આ કેસોમાં જામીન આપવામાં આવશે

**BNSS 497 કાયદા મુજબ જેલમાં બંધ જૂના અન્ડરટ્રાયલ કેદીઓને મોટી રાહત આપતા સુપ્રીમ કોર્ટે તેમના ઉપર BNSSની કલમ ૪૭૯ લાગુ કરવાનો આદેશ આપ્યો છે, કેન્દ્ર સરકાર તરફથી સ્થિતિ સ્પષ્ટ કર્યા બાદ કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો છે, આ કલમની જોગવાઈ શું છે અને કેદીઓને તેનો કેટલો ફાયદો થશે**

નવી દિલ્હી તા.૧૫

૧. કેન્દ્ર સરકારની સ્થિતિ સ્પષ્ટ થયા બાલ્ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો. ૨. કલમ ૪૭૯ હેઠળ, પ્રથમ વખતના આરોપી, જેમણે એક તૃતિયાંશ સજા ભોગવી હોય તેમને જામીન મળશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટતા કરી હતી કે નવા કાયદાનો લાભ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૪૭૯ તમામ અન્ડરટ્રાયલ કેદીઓને મળશે, પછી ભલે તેમના કેસ ૧ જુલાઈ પહેલા નોંધાયેલા હોય. આનો અર્થ એ થયો કે તમામ નવા અને જૂના અંડરટ્રાયલ કેદીઓને એક તૃતિયાંશ સજા ભોગવ્યા બાદ જામીન મળવાનો લાભ મળશે. કેન્દ્ર સરકારે કાયદાના પૂર્વનિર્ધારિત અમલીકરણ અંગેની સ્થિતિ સ્પષ્ટ કર્યા બાદ સુપ્રીમ કોર્ટે દેશભરના જેલ અધિક્ષકોને કલમ ૪૭૯ની જોગવાઈઓને વહેલી તકે લાગુ કરવા આદેશ આપ્યો છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૪૭૯, ૧ જુલાઈથી અમલમાં આવી છે જે અંડરટ્રાયલ કેદીઓને જેલમાં રાખવાની મહત્તમ મર્યાદા પૂરી પાડે છે.



**આ જોગવાઈ શું છે ?**

આ વિભાગ કહે છે કે જો પ્રથમ વખત ગુનેગાર અંડરટ્રાયલ તે કાયદા હેઠળના ગુના માટે આપવામાં આવેલી મહત્તમ જેલની સજાના એક તૃતિયાંશ ભાગની સજા ભોગવે છે, તો કોર્ટ તેને બોન્ડ ઉપર મુક્ત કરશે. આ સિવાય જો આજીવન કેદ અને મૃત્યુદંડ સિવાયના અન્ય કોઈ ગુનાનો આરોપી અંડરટ્રાયલ કેદી કુલ સજામાંથી અડધી સજા ભોગવી ચૂક્યો હોય તો કોર્ટ તેને જામીન ઉપર મુક્ત કરશે. છેલ્લી સુનાવણી ઉપર, કોર્ટે કેન્દ્ર સરકારને એક તૃતિયાંશ સજા ભોગવ્યા પછી જામીન મેળવવાની જોગવાઈના પૂર્વનિર્ધારિત અમલીકરણ અંગે તેની સ્થિતિ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. જસ્ટિસ હિમા કોહલી અને સંદીપ મહેતાની ખંડપીઠે સુનાવણી હાથ ધરી હતી. કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ (ASG) ઐશ્વર્યા ભાટીએ સ્થિતિ સ્પષ્ટ કરી અને કહ્યું કે આ જોગવાઈઓ પૂર્વનિર્ધારિત અસરથી લાગુ કરવામાં આવશે.

**આ નિયમો તમામ કેદીઓને લાગુ પડશે**

તેમણે કહ્યું કે એક તૃતિયાંશ સજા ભોગવ્યા પછી જામીન આપવા અંગે BNSSની કલમ ૪૭૯ (૧)ની જોગવાઈઓ દેશભરના તમામ અન્ડરટ્રાયલ કેદીઓને સમાન રીતે લાગુ પડશે, પછી ભલે તેમનો ગુનો ૧ જુલાઈ, ૨૦૨૪ પહેલા નોંધાયેલ હોય. કેન્દ્ર દ્વારા સ્થિતિ સ્પષ્ટ કર્યા બાદ કોર્ટે દેશભરના જેલ અધિક્ષકોને તેનો અમલ કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે આ મુજબ અંડરટ્રાયલ કેદીઓની અરજીઓનો શક્ય તેટલો જલ્દી નિકાલ થવો જોઈએ અને બે મહિનામાં પ્રક્રિયા પૂરી કરીને રિપોર્ટ કોર્ટમાં સુપરત કરવામાં આવે. ઉપરાંત, કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે કે ત્યાં કેટલા અંડરટ્રાયલ કેદીઓ છે અને તેમના ઉપર આ જોગવાઈ લાગુ પડે છે અને આ સંબંધમાં કેટલી અરજીઓ આવી છે અને કેટલાને મુક્ત કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટ જેલોમાં વધુ ભીડના કેસની સુનાવણી કરી રહી છે. છેલ્લી સુનાવણી ઉપર, કોર્ટના આસિસ્ટન્ટ એમિકસ ક્યુરી, વરિષ્ઠ વકીલ ગૌરવ અગ્રવાલે, નવા કાયદા BNSSની કલમ ૪૭૯ ટાંકીને કહ્યું હતું કે જો તેઓ નિર્ધારિત મહત્તમ સજામાંથી એક તૃતિયાંશ સજા ભોગવી ચૂક્યા હોય તો પ્રથમ વખત ફોજદારી અન્ડરટ્રાયલ માટે મુક્તિ આપવામાં આવે છે. જો કે, પછી પ્રશ્ન ઊભો થયો કે શું આ કાયદો પૂર્વદર્શી રીતે લાગુ થશે? આના ઉપર બેન્ચે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા ASG ઐશ્વર્યા ભાટી પાસેથી સૂચનાઓ માંગી હતી અને તેમને આ પરિસ્થિતિ સ્પષ્ટ કરવા કહ્યું હતું.

# તમારા ગામમાં કોઈ પરિવાર વ્યાજના ચક્કરમાં ના ફસાય, કોઈનું નાગરિક તરીકે શોષણ ના થાય એ જરૂરી છે : ગૃહ રાજ્ય મંત્રી

## ચૂંટાયેલા લોક પ્રતિનિધિ તરીકે ગ્રામ્ય સમાજના જીવનમાં બદલાવનો અનુરોધ કરતા મંત્રી હર્ષભાઈ સંઘવી : ''વિકાસ સપ્તાહ '' નિમિત્તે ગાંધીનગર જિલ્લાના રૂા. દસ કરોડના વિકાસ કાર્યોનું ઈ- લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૫

ચૂંટાયેલા લોક પ્રતિનિધિ તરીકે ગ્રામ્ય સમાજના જીવનમાં બદલાવનો અનુરોધ કરતા ગાંધીનગર જિલ્લાના પ્રભારી અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે,પોતપોતાના ગામ,વાસ,ગલીઓ કેવી રીતે સ્વચ્છ બને એ વિચારો. ગામની શાળાઓમાં જાવ. રોજ એક કલાક આપો.દરવર્ષે વૃક્ષ વાવીએ- ફોટા પડાવીએ એવું નહીં, વૃક્ષ મોટું થાય એ વ્યવસ્થા કરો. શાળાના ઓરડા સરકાર પાસે માગીએ, પણ બાળકો શાળામાં આવે છે કે નહીં, શાળામાં નાહીને આવે છે કે નહીં,બાળક ઘરે જઈને હાથ-પગ ધોવે છે કે નહીં, એ ચેક પણ કરો. ''વિકાસ સપ્તાહ ''ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના પ્રભારી અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ડોક્ટર આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે, કુલ રૂા.દસ કરોડની રકમના, જિલ્લાના વિવિધ ૪૩ વિકાસ કામોનું ઈ- લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરતા જણાવ્યું હતું કે, ગામની નાની શાળાઓમાં ઓરડા બનાવવા,નાના રસ્તા બનાવવાનું કાર્ય સાંસદશ્રી અને બે ધારાસભ્યોએ પૂરૂ કર્યું છે. પરંતુ તમારા ગામનો કોઈ પરિવાર સરકારી યોજનાઓના લાભોથી વંચિત તો નથીને, કોઈ પરિવાર કે વ્યક્તિનું શોષણ ના થાય, કોઈ પરિવાર વ્યાજના ચક્કરમાં ના ફસાય, આ બધા કામો માટે અને ગ્રામ્ય જીવનના સંપૂર્ણ બદલાવ માટે તમે તમારો સમય આપો. સામાજિક આગેવાન કે ચૂંટાયેલા પ્રતિનિધિ છો તો માત્ર વિકાસના લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્તથી પૂરૂ થતું નથી. પ્રત્યેક ગામ, પ્રત્યેક બાળક, પ્રત્યેક નાગરિકના જીવનામાં બદલાવ માટે સમાજ જીવનમાં ઊંડા ઉતરીએ. કોઈ ગમે તેમ બોલે તો પણ સાચું બોલીને, સાચી દિશામાં કામ કરીએ. ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દેશ અને રાજ્યના તમામ લોકોની ચિંતા અને સમર્પણ વિશે જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના ૧૨ વર્ષ અને દેશના વડાપ્રધાન તરીકેના ૧૧ વર્ષ નરેન્દ્ર મોદીએ, સતત ગુજરાત અને દેશની સેવા કરી. દુનિયામાં કોઇ એવી વ્યક્તિ નથી જેમણે ૨૩ વર્ષ સુધી ગરીબો, વંચિતો, ખેડૂતો, મહિલાઓ, બાળકોના કલ્યાણ માટે પોતાનું જીવનની આપ્યું હોય. આજે પણ નરેન્દ્ર વડાપ્રધાન તરીકે સતત કાર્યરત છે. એમના સફળ અને સક્ષમ નેતૃત્વના કાર્યકાળને, ૭ થી ૧૫ ઓક્ટોબર સુધી "વિકાસ સપ્તાહ'' તરીકે ગુજરાત સરકાર ઉજવી રહી છે. હવેથી પ્રતિ વર્ષ અલગ-અલગ થીમ ઉપર ૭ થી ૧૫ ઓક્ટોબર સુધી "વિકાસ સપ્તાહ '' ઉજવવાનું ગુજરાત સરકારે નક્કી કર્યું છે. રમત- ગમત મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈની કાર્ય પદ્ધતિ અંગે જણાવ્યું હતુંકે, તેમના નિર્ણયોને લીધે આજે ૧૦૦ વિદેશી કંપનીઓ ગુજરાતમાં કામ કરી રહી છે. નરેન્દ્ર મોદી એક એવી વ્યક્તિ, જેણે ગુજરાતના કરોડો નાગરિકોના હક માટે, લોકો સાથે મળીને, વિકાસ માટે સંઘર્ષ શરૂ કર્યો, આંદોલનો કર્યા. ગુજરાતને વિશ્વ ફલક ઉપર પહોંચાડવા માટે કામ કર્યું.એક એવા નેતા જેમણે રાજ્યના પ્રત્યેક સામાન્ય નાગરિકો અને પરિવાર માટે કામ કરીને, ''સબકા સાથ, સબકા વિકાસ'' સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યું. તેમણે પોલિસીઓ બદલી, ગામડે ગામડે નર્મદાનાં નીર પહોંચાડયાં. નિર્ણયો લીધા અને ગુજરાતને વિકાસનું હબ બનાવ્યું.આજે ગુજરાત યુવાનોને રોજગારી આપતું દેશનું નં.૧ રાજ્ય છે. ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષભાઈ સંઘવીએ, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈના લીધે ગાંધીનગરની જનતાને મળેલા વિકાસ કાર્યો માટે જણાવ્યું હતું કે, દેશના ગૃહ મંત્રી તરીકે અતિ વ્યસ્ત હોવા છતા તેઓ, પ્રતિ માસ ગુજરાતના મતદારોને મળવા આવે છે. તેમણે નાના ગામોમાં તળાવો બનાવ્યાં, હોસ્પિટલો બનાવી, આવા નેતા નસીબદારને જ મળે. શિક્ષણ વિભાગની સ્કૂલ ઓફ એક્સલન્સ યોજના હેઠળ, અંતરિયાળ શાળાના નવીન ઓરડાઓ, બાળકોના ભણતરમાં વધારો કરવા તેમજ ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા, ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકામાં કુલ ૫ શાળાઓમાં રૂા.૫.૬૨ કરોડના ખર્ચે, ૩૩ નવીન ઓરડાઓ તેમજ ગાંધીનગર તાલુકાની ૨ શાળાઓમાં ૪ વર્ગખંડનું રૂા.૦.૬૬ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા હતા જેનું ઈ-લોકાર્પણ કરાયું હતું. તેમજ દહેગામ તાલુકામાં કરોલી ગામે પ્રાથમિક શાળાના નવીન ૧૩ વર્ગખંડનું ઈ- ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારની વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની વિવિધ જોગવાઈ અંતર્ગત ગાંધીનગર તાલુકાના જુદા જુદા ગામો (પાલજ, પ્રાંતિયા, વજાપુરા, છાલા, દશેલા, લીંબડીયા, ગલુદણ, મેદરા નવા ધરમપુર, આલમપુર, મગોડી) વગેરે ગામે સી. સી. રોડ, પેવર બ્લોક , સંરક્ષણ દિવાલ અને સ્મશાનના નવીન મંજૂર થયેલા કામોના ખાતમુહૂર્ત અને સ્થળ ઉપર પૂર્ણ થયેલા હોય તેવા કુલ ૭ કામો , તેમજ દહેગામ તાલુકાના જુદા જુદા ગામો (મોટા જલુંદરા, વર્ધાનાં મુવાડા, પાટનાકુંવા, બહિયલ, પલ્લાના મઠ, ચામલા, કડજોડરા, રખિયાલ, પાલુનદ્રા, કણીપુર, શિયાવાડા, લાખાના મુવાડા, જીંડવા, વાસણા સોગઠી ) વગેરે ગામોમાં સી. સી. રોડ, પેવર બ્લોક , સંરક્ષણ દીવાલ અને પ્રાથમોક શાળા, ગટરલાઈનના નવીન મંજુર થયેલા ૧૦ કામોથી, ઉપરોક્ત ગામોના સંબંધિત વિસ્તારના પ્રજાજનોને તેમજ શાળાના બાળકોને લાભ થશે.

# ગુજરાતનો સૌપ્રથમ જમીન ઉપરનો સિગ્નેચર બ્રિજ રાજકોટ શહેરમાં બનશે

અમદાવાદ, તા.૧૫

રાજકોટ શહેરમાં ટ્રાફિકની સમસ્યા હવે હળવી થશે. રાજકોટમાં ગુજરાતનો સૌપ્રથમ જમીન ઉપર સિગ્નેચર બ્રિજ બનશે. કાલાવાડ રોડથી કટારિયા ચોકડી પાસે આ બ્રિજ બનશે. RMC દ્વારા જાહેર કરાયેલા ટેન્ડર મુજબ ૧૫૦ કરોડના ખર્ચે આ બ્રિજ તૈયાર કરાશે. આ ઉપરાંત વેસ્ટઝોનમાં ૮ અલગ અલગ બ્રિજ તૈયાર કરાશે. નવા ૧૫૦ ફુટ રિંગરોડ ઉપર ૩ બ્રિજ બનશે. રૈયા ગામથી સ્માર્ટ સિટી જવાના રસ્તે યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નજીક એક બ્રિજ તૈયાર કરાશે. કટારિયા ચોકડી ખાતે ગુજરાતનો સૌપ્રથમ કેબલ સિગ્નેચર બ્રિજ તૈયાર થશે. આ વિસ્તારમાં ભારે ટ્રાફિકની સમસ્યા રહે છે. ઓદ્યોગિક વિસ્તાર મેટોડાથી આવતા વાહનોનો ધસારો અહીં રહે છે ઉપરાંત ૧૫૦ ફુટ રિંગ રોડ હોવાને કારણે કચ્છ મોરબી અને જામનગર તરફ પણ ભારે વાહનો પસાર થતા હોય છે. આથી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ આવે તે માટે આઈકોનિક સિગ્નેચર બ્રિજ બનાવવાનો નિર્ણય કરાયો છે. હાલ મનપા દ્વારા બ્રિજનું ટેન્ડર પ્રસિદ્ધ કરી દેવાયુ છે. ૧૫૦ફુટ નવા રિંગ રોડ ઉપર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે ત્રણ અલગ અલગ બ્રિજનું નિર્માણ હાથ ધરાશે. કૂલ ૯ જેટલા નવા બ્રિજ રાજકોટમાં નિર્માણ થશે. હાલ ટ્રાફિકની સમસ્યા રાજકોટના પ્રાણ પ્રશ્ન સમાન બની ગઈ છે ત્યારે તેને નિવારવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેમા શહેરના હાર્દ સમા કાલાવડ રોડની સમસ્યા હવે આગામી સમયમાં હળવી કરી શકાશે.

# ૯૨% ગ્રામીણ પરિવારો અને ૭૭% શહેરી પરિવારોને હોસ્પિટલાઈઝેશન ખર્ચ પોતાના ખિસ્સામાંથી ભોગવવો પડે છે : સરકારી ડેટા


**આ વ્યાપક વાર્ષિક મોડ્યુલર (CAM) સર્વેક્ષણમાં આંદામાન અને નિકોબારના કેટલાક ગામોને બાદ કરતાં સમગ્ર ભારતમાં ૩,૦૨,૦૮૬ પરિવારો ને આવરી લેવામાં આવ્યા હતા**

ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ડિલિવરી સહિત હોસ્પિટલમાં દાખલ થવા ઉપર જુલાઈ ૨૦૨૨થી જૂન ૨૦૨૩ દરમ્યાન ઘર દીઠ સરેરાશ આઉટ ઓફ પોકેટ ખર્ચ (OOPE) અનુક્રમે રૂા.૪,૧૨૯ અને રૂા.૫,૨૯૦ હતો. આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળ નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ દ્વારા હાથ ધરવામાં આવેલ મોડ્યુલર (CAM) સર્વેક્ષણમાં જણાવ્યા અનુસાર, એક વર્ષમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં હોસ્પિટલમાં દાખલ થવાનો સરેરાશ ખર્ચ અનુક્રમે રૂા.૪,૪૯૬ અને રૂા.૬,૮૭૭ હતો.

જો હોસ્પિટલમાં દાખલ થવાના કુલ ખર્ચમાં OOPEના પ્રમાણની ગણતરી કરવામાં આવે તો, શહેરી વિસ્તારોમાં લોકો તેમના ઈન-પેશન્ટ કેર ખર્ચના લગભગ ૭૭ ટકા તેમના ખિસ્સામાંથી ખર્ચ કરે છે, જ્યારે ગ્રામીણ લોકો માટે આ આંકડો લગભગ ૯૨ ટકા છે. OOPE, પરિવારો આરોગ્યસંભાળ મેળવે તે સમયે જે રકમ ચૂકવે છે, તે આરોગ્યસંભાળ ચૂકવણીઓ માટે ઉપલબ્ધ નાણાકીય સુરક્ષાના સ્તરનું નિર્ણાયક સૂચક છે.

CAM સર્વેનો અહેવાલ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો હતો, તે નેશનલ સેમ્પલ સર્વે (NSS)ના ૭૯મા રાઉન્ડના ભાગ રૂપે હાથ ધરવામાં આવ્યો હતો. એનએસએસના ૭૮મા રાઉન્ડના ભાગ રૂપે ૨૦૨૦-૨૧માં હાથ ધરવામાં આવેલા બહુવિધ સૂચક સર્વેક્ષણમાં આરોગ્ય સંબંધિત પરિમાણોનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. ૨૦૧૭-૧૮માં એનએસએસના ૭૫મા રાઉન્ડમાં દર્શાવવામાં આવ્યું હતું કે, હોસ્પિટલમાં દાખલ થવા માટે સરેરાશ રૂા.૧૬,૬૭૬ ગ્રામીણ ભારતમાં અને રૂા.૨૬,૪૭૫ શહેરી ભારતમાં ખર્ચવામાં આવ્યા હતા. ગયા મહિને કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ નેશનલ હેલ્થ એકાઉન્ટ્સ (NHA)નો અંદાજ દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં ભારતમાં કુલ સ્વાસ્થ્ય ખર્ચ (THE)માં OOPE ૩૯.૪ ટકા હતો, જે નાણાકીય વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં ૬૪.૨ ટકા હતો. NSSના ૭૫મા રાઉન્ડમાંથી OOPEના ડેટા ઉપલબ્ધ નથી, પણ સરકારી અધિકારીઓ કહે છે કે ૨૦૧૭-૧૮ અને ૨૦૨૨-૨૩ વચ્ચેની OOPEની સરખામણી સૂચવે છે કે સરકારની મુખ્ય આરોગ્ય યોજના આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) અને ખાનગી આરોગ્ય વીમાએ દેશમાં હોસ્પિટલમાં દાખલ થવા માટે OOPEને ઘટાડવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હશે.

૨૦૧૮માં શરૂ કરાયેલ AB-PMJAY હેઠળ, સરકાર લગભગ ૫૦ કરોડ ભારતીયોને તેમની સામાજિક-આર્થિક સ્થિતિના આધારે ગૌણ અને તૃતીય-સ્તરની આરોગ્યસંભાળ માટે રૂા.૫ લાખનું આરોગ્ય વીમા કવરેજ ઓફર કરે છે. ગયા મહિને, આવકની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામને તેમાં સામેલ કરવા માટે યોજનાનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. હેલ્થકેર નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા પ્રાયોજિત આરોગ્યસંભાળ યોજનાઓ હેઠળ ન હોય તેવા લોકો દ્વારા ખાનગી આરોગ્ય વીમાની માંગમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જાહેર આરોગ્ય નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આરોગ્યસંભાળ માટે નાણાકીય રક્ષણ સૂચવતા નિર્ણાયક અન્ય પરિમાણો, જેમ કે આપત્તિજનક આરોગ્યસંભાળ ખર્ચ (CHE) અને આરોગ્યસંભાળના ખર્ચને કારણે ગરીબીમાં ધકેલાઈ ગયેલા લોકોની ટકાવારી વિના, OOPEના આ આંકડા ભ્રામક હોઈ શકે છે. આરોગ્યસંભાળ સેવાઓની ઉપલબ્ધતા સાથે સંબંધિત



પરિમાણો પણ એટલા જ મહત્વપૂર્ણ છે, કારણ કે સારવારની એક્સેસનો અભાવ લોકોના સ્વાસ્થ્યને અવરોધે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ૧૪ સ્વીકૃત પરિમાણો છે, જેમાં આરોગ્યસંભાળ કર્મચારીઓની ઉપલબ્ધતાનો સમાવેશ થાય છે.

નવીનતમ CAMS સર્વે એ પણ દર્શાવે છે કે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર ન હોય તેવી તબીબી સેવાઓ ઉપર ૩૦ દિવસમાં ઘરદીઠ સરેરાશ આઉટ ઓફ પોકેટ તબીબી ખર્ચ અનુક્રમે રૂા.૫૩૯ અને રૂા.૬૦૬ હતો. બીજી તરફ, વ્યક્તિઓએ ૩૦ દિવસમાં આ સેવાઓ માટે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રૂા.૧૨૫ અને રૂા.૧૭૫ ખર્ચ્યા હતા. આ આંકડાઓ દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં હોસ્પિટલમાં દાખલ થવાનો વ્યક્તિગત ખર્ચ રૂા.૧,૦૩૫ હતો, જેમાંથી રૂા.૯૫૦ અથવા ૯૧.૩ ટકા ખિસ્સામાંથી હતો. શહેરી ભાગોમાં, વ્યક્તિ દીઠ હોસ્પિટલમાં દાખલ થવાનો ખર્ચ રૂા.૧,૮૭૯ હતો, જેમાંથી રૂા.૧,૧૪૬ અથવા ૬૦.૯ ટકા તેમના ખિસ્સામાંથી હતો. CAM સર્વેનો પ્રાથમિક ઉદ્દેશ્ય શિક્ષણ, આઉટ ઓફ પોકેટ મેડિકલ ખર્ચ, મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ, નાણાકીય સમાવેશ, માહિતી અને ટેકનોલોજી કૌશલ્યો અને સંપત્તિના કબજાને લગતા સૂચકાંકો જનરેટ કરવા માટે ડેટા એકત્રિત કરવાનો હતો. આ સર્વેક્ષણમાં આંદામાન અને નિકોબાર ટાપુઓના કેટલાક ગામોને બાદ કરતાં સમગ્ર ભારતમાં ૩,૦૨,૦૮૬ ઘરો (ગ્રામીણ વિસ્તારોમાં ૧,૭૩,૦૯૬ અને શહેરી વિસ્તારોમાં ૧,૨૮,૯૯૦) આવરી લેવામાં આવ્યા હતા.

FDAyu IMULDOSA® (ustekinumab-srlf), એકોર્ડ બાયોફાર્મા દ્વારા બનાવેલ

# STELARA®ના બાયોસિમિલર (ustekinumab)ને ક્રોનિક ઈન્ફ્લેમેટરી કન્ડિશનની સારવાર માટે મંજૂરી આપી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૧૫

IMULDOSAની મંજૂરી સાથે, એકોર્ડ બાયોફાર્માનો (Intas Pharmaceuticalsનો એક વિભાગ) બાયોસિમિલર પોર્ટફોલિયો સતત વધી રહ્યો છે અને સાથે દર્દીઓ માટે યોગ્ય સારવારના વિકલ્પોનું વિસ્તરણ પણ થઈ રહ્યું છે.

RALEIGH, N.C., [MONTH DAY, 2024 /PRNewswire/ --Accord BioPharma, Inc., ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ, લિ.નું યુએસ સ્પેશિયાલિટી ડિવિઝન, જે ઑન્ક્રોલોજી, ઈમ્યુનોલોજી અને ક્રિટિકલ કેર થેરાપીના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તેમણે જાહેરાત કરી છે કે યુ.એસ. ફૂડ અને ડ્રગ એડમિનિસ્ટ્રેશને (FDA) STELARA® (ustekinumab)ની બાયોસિમિલર, IMULDOSA (ustekinumab-srlf)ને મંજૂરી આપી છે, જે સૉરાયિસસ, સૉરિયાટિક સંધિવા, ક્રોહન રોગ અને અલ્સરેટિવ કોલાઈટિસ સહિત ક્રોનિક ઈન્ફ્લેમેટરી કન્ડીશન્સની સારવાર માટે છે. FDAએ તેની સંદર્ભ દવા, STELARAના તમામ ઈન્ડિકેશન્સ માટે IMULDOSAને મંજૂરી આપી છે. એકોર્ડ ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં જ IMULDOSAના કમર્શિયલ લૉન્ચની અપેક્ષા રાખે છે.

"એકોર્ડ બાયોફાર્મા માટે, દર્દીઓને પોસાય તેવી સારવાર પ્રદાન કરવા અને તેમની જરૂરિયાતોને સંતોષવા માટેના અમારા પ્રયાસોમાં આ એક બીજું પગલું છે," ક્રિસ કોકિનો, એકોર્ડના યુએસ પ્રેસિડેન્ટે જણાવ્યું હતું. "અમારાં બીજાં બાયોસિમિલર, IMULDOSAની મંજૂરી, ઉદ્યોગમાં અમારી વધતી ગતિ તથા અગત્યની અને જટિલ મેડિકલ કન્ડિશનને સંબોધવા માટે સુલભ વિકલ્પો સાથે પરિવારોને સમર્થન આપવામાં અમારી લીડરશીપનું પ્રમાણ છે." IMULDOSA એક ક્ષમતાવાન અને વ્યાજબી સારવારનું વિકલ્પ છે, જે મેડિકલ કૅરના વર્તમાન ધોરણના સમાન લાભો સાથે ક્રોનિક ઈન્ફ્લેમેટરી કન્ડીશન્સ જેવી પીડાદાયક પરિસ્થિતિ સાથે જીવતા લાખો અમેરિકનોની જીવનની ગુણવત્તા, ભાવનાત્મક સુખાકારી અને સેલ્ફ-ઈમેજ પર પણ નોંધપાત્ર અસર કરી શકે છે. તે એકોર્ડ બાયોફાર્મા તરફથી એફડીએ દ્વારા મંજૂર કરાયેલા બીજા બાયોસિમિલરને પણ ચિહ્નિત કરે છે, જે આ વર્ષની શરૂઆતમાં Herceptin® સાથે બાયોસિમિલર HERCESSI™ (trastuzumab-strf)ની મંજૂરી પછી તરત જ આવી રહ્યું છે. IMULDOSA અને HERCESSI ઉપરાંત, Accord BioPharma આગામી પાંચ વર્ષ દરમિયાન યુ.એસ. માર્કેટમાં ઘણા વધારાના બાયોસિમિલર્સ રજૂ કરવાની યોજના બનાવી રહ્યું છે.

# દેલવાડા-નાલીયા માંડવી રોડ ઉપર એક મકાનમાંથી ખાદ્યતેલના ૧૯૨ ડબ્બા મળી આવ્યા : તપાસ હાથ ધરાઈ

## બે દિવસમાં પોલીસે ખાદ્યતેલના બિન હિસાબી ૫૧૭ ડબ્બાઓ પકડી પાડી કાર્યવાહી હાથ ધરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૫

ગીર સોમનાથ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચનાથી ઊનાના પ્રાંત અધિકારી ચિરાગભાઈ હિરવાની અને ઊનાના મામલતદાર ડી.કે. ભીમાણી અને બંને કચેરીના સ્ટાફે ઊના શહેરમાં દેલવાડા રોડ ઉપર લક્ષ્મીનગર સોસાયટીમાં રહેણાંક વિસ્તારમાં ભવાની એન્ટર પ્રાઈઝ નામની કંપની ઉપર ગત તા.૧૦/૧૦/૨૪ ના રોજ રેડ પાડી ૩૧.૫૦ લાખનો મુદામાલ સીઝ કરી આ પેઢીના સંચાલક અમરીશ નવીનચંદ્ર ખાલપડા, સમીર છોટાલાલ ભૂપતાણીને પૂછપરછ કરતા તેમને ઊના તાલુકા ગીરગઢડા તાલુકા, ખાંભા, કોડીનાર પંથકમાં તેલનો જથ્થો વેચાણ કર્યાની કબૂલાત આપી હતી. જેમાં ગઈકાલે સાંજે નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના ડી સ્ટાફ પી.પી. બાંભણિયા અને સંદીપસિહ ઝંનકાટને બાતમી મળતાં તેમણે પીએ આઈ વી.કે. ઝાલાને જાણ કરતા પોલીસ સ્ટાફ સાથે ઊના તાલુકાના નાલીયા માંડવી ગામે છેવાડાના ભાગે એક મુસ્લિમ શખ્સના મકાનમાં રેડ પાડી હતી અને તેમાં રૂમમાં રાખેલ જુદી-જુદી નામાંકીત કંપનીના સ્ટીકર મારેલ ખાદ્યતેલના ડબા નંગ ૩૨૫ મળી આવેલ અને પોલીસે ઊના મામલતદાર કચેરીને જાણ કરતા તે પણ આવી ગયા હતા અને મુસ્લિમ શખ્સએ જણાવેલ કે તેમના મિત્ર દેલવાડામાં રહે છે. નરેન્દ્રભાઈ કોટક આ તેલનો જથ્થો મૂકી ગયા હતા. પોલીસ અને પુરવઠા વિભાગ તેમને બોલાવી તેલના ખરીદ બિલ માંગતા ગલ્લા તલ્લા કરેલ તેથી તમામ તેલના ડબ્બાનો જથ્થો સિલ કરી નમૂના લઈ તપાસ માટે કાર્યવાહી કરી હતી.

ત્યાં આજે ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચની પોલીસને પણ બાતમી મળતા દેલવાડા નાલીયા માંડવી રોડ ઉપર આવેલ જશરાજ ટાઉનશિપમાં આવેલ એક મકાનમાં તપાસ કરતા રૂમમાં રાખેલ જુદી જુદી બ્રાન્ડના ખાદ્યતેલના ડબ્બા૧૯૨મળી આવેલ હતા અને આ તેલનો જથ્થો દેલવાડા્ના નરેન્દ્રભાઈ કોટકનો હોવાનું જાણવા મળ્યું છે. ઊના મામલતદાર કચેરીના પુરવઠા વિભાગ પણ સ્થળ ઉપર પહોંચી કાર્ય વાહી કરી રહી છે. આમ ઊના પંથકમાં પુરવઠા વિભાગની કામગીર પોલીસ કરી રહી છે. આમ કુલ બે દિવસમાં પોલીસે ૫૧૭ ડબ્બાઓ ખાદ્યતેલના બિન હિસાબી પકડી પાડતાં ભારે ચકચાર મચી ગઈ છે.

# ગીર સોમનાથ જીલ્લા કલેક્ટર દ્વારા પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી ઈકોઝોન બાબતે વ્યાપક સમજૂતી અપાઈ

## ખેડૂતો અને ગ્રામજનોએ અફવાઓથી ગેરમાર્ગે દોરાવું નહીં : કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા
## ખેતવિષયક પ્રવૃત્તિઓ વિષે કોઈ જ પ્રકારની રોકટોક નથી : નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમર




ગીર સોમનાથ, તા.૧૫

ગીર રક્ષિત વિસ્તારના ઈકો સેન્સેટીવ ઝોનના પ્રાથમિક જાહેરનામા અંગે જિલ્લા સેવા સદન ઈણાજ ખાતે કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા, નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમર અને મદદનીશ વન સંરક્ષક વિકાસ યાદવની ઉપસ્થિતિમાં પ્રેસ કોન્ફરન્સ યોજી વ્યાપક સમજૂતી આપવામાં આવી હતી.

કલેકટરશ્રીએ પ્રેસ કોન્ફરન્સમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગીર સમગ્ર વિશ્વમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે. ગીર એ એશિયાઈ સિંહોનું રહેઠાણ છે અને અતિ મહત્વના રક્ષિત વિસ્તાર તરીકે ઓળખ ધરાવે છે. સિંહોના સંવર્ધન અને સંરક્ષણમાં સ્થાનિક લોકોનો પ્રત્યક્ષ અને પરોક્ષ સહયોગ હંમેશા મળતો આવ્યો છે. નિયમોનુસાર તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા ગીર રક્ષિત વિસ્તારના ઈકો સેન્સેટિવ ઝોનના પ્રાથમિક જાહેરનામા અનુસાર ઈકો સેન્સેટીવ ઝોનની હદ ૨.૭૮ કિ.મીથી ૯.૫૦ કિ.મી સુધીની છે. જે હાલના સરેરાશ ૧૦ કિ.મીથી ઓછી છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, હયાત ગામતળ અથવા તો ભવિષ્યમાં નવું નીમ થનારા ગામતળમાં કોઈપણ વ્યક્તિગત, સામૂહિક કે સરકારી પ્રવૃત્તિઓ જેવી કે, દવાખાના, આંગણવાડી, શાળા-પંચાયત કે કચેરી વગેરે માટે વનવિભાગની મંજૂરીની જરૂર નથી. જેથી ખેડૂતો અથવા ગ્રામજનોએ સાચી હકીકતથી વાકેફ થવું અને ગેરમાર્ગે દોરાવું નહીં.

નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમરે ખેડૂતો તેમજ ખેત પ્રવૃત્તિને લગતી પ્રવૃત્તિઓ વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, ઈકો સેન્સિટીવ ઝોન અંતર્ગત ખેડૂતોને તેમના ખેતરમાં ખેતી કરવા તેમજ રાત્રિ-દિવસ દરમિયાન ટ્રેક્ટર ચલાવવા, કૂવો ખોદવા, વીજ કનેક્શન લેવા, સિંચાઈ પદ્ધતિથી રાત-દિવસ ખેતી કરવા, ખેતરમાં ૨૪ કલાક અવર-જવર, ગામ-ખેતર જવાના જાહેર રસ્તાનો કોઈપણ સમયે ઉપયોગ અને સમારકામ, ખેતરમાં મકાન/ગોડાઉન બાંધવા, ખેતર ફરતે વંડી કરવા, કોઈપણ પ્રકારનો પાક ઉગાડવા વગેરે જેવી ખેતીને લગતી પ્રવૃત્તિઓ અંગે કોઈ રોકટોક નથી. પશુપાલન પ્રવૃત્તિ અન્વયે પોતાના ખેતરમાં કે ગામ વિસ્તારમાં તબેલો કે ગૌશાળા બનાવવા વન વિભાગની મંજૂરીની જરૂર નથી.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, તાજેતરના ઈકો સેન્સેટિવ ઝોનના પ્રાથમિક જાહેરનામા અનુસાર માત્ર ૧૯૬ ગામનો સમાવેશ કરાયો છે. જેમાં ગીર સોમનાથના ૬૫ ગામનો સમાવેશ થાય છે. ગીર સોમનાથની મુખ્ય ૫ અને ૧૨ ઉપનદી એમ કુલ મળી ૧૭ નદી આસપાસ સિંહની અવર-જવર છે. ઈકો સેન્સિટીવ વિસ્તાર નક્કી કરવા રેડિયો કોલર ડેટા, સિંહનો કાયમી વિસ્તાર, વધુ વનવિસ્તાર ધરાવતા ગામડાઓ, સિંહની વધુ અવર-જવર વગેરે અલગ-અલગ ધારાધોરણો અનુસરવામાં આવે છે.

ઈકો સેન્સેટિવ ઝોન અંગે સમજ આપતા તેમણે ઉમેર્યું હતું કે,પર્યાવરણ સુરક્ષા અધિનિયમ-૧૯૮૬ની જોગવાઈ હેઠળ ઈકો સેન્સિટિવ ઝોન જાહેર કરવામાં આવે છે. નામ.સુપ્રીમ કોર્ટના હુકમ મુજબ અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન ફરતે ૧૦ કિ.મી સુધીના વિસ્તારને ઈકો સેન્સેટિવ ઝોન તરીકે ગણવાનો રહે છે. જે ૧૦ કિ.મીનું જાહેરનામું હાલ ગીર, પાણિયા અને મીતીયાળા અભયારણ્ય ફરતેના વિસ્તારોમાં અમલમાં છે.

સિંહોના સંવર્ધન અને સંરક્ષણ અંગે તેમણે કહ્યું હતું કે, સિંહનું રક્ષણ કરવું એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. સરકારની નીતિ અને ધારાધોરણો અનુસાર ઈકો સેન્સેટિવ વિસ્તારમાં માઈનિંગ, ઉદ્યોગ સહિતની અલગ અલગ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લગાવાયો છે. વન્યપ્રાણી મુક્ત રીતે ગમે ત્યાં વિચરી શકે છે. ઈકો સેન્સીટીવ ઝોનમાં પ્રવર્તમાન નીતિ નિયમોની અમલવારીમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. આ પ્રેસ કોન્ફરન્સમાં ગીર(પશ્ચિમ)ના મદદનીશ વન સંરક્ષક વિકાસ યાદવ, અધિક નિવાસી કલેક્ટર રાજેશ આલ સહિત ઈલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહ્યાં હતા.

# ઉનાની એચ.એમ.વી કોલેજના ૧૫ એન.સી.સીનાં વિદ્યાર્થીઓ અગ્નિવીરમાં પસંદગી પામ્યા

ઉના તા. ૧૫

તાજેતરમાં આર્મી યુનિટ દ્વારા જાહેર થયેલ અગ્નિવીર પરીક્ષામાં ઉનાની શ્રી એચ.એમ.વી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એન.સી.સી. વિભાગના ૧૫ વિધ્યાર્થીઓ પાસ થતા હવે દેશના સીમાની રક્ષા માટે જશે.

આ પરીક્ષામાં ઉતિર્ણ થનાર વિદ્યાર્થીઓમાં ચારણીયા આનંદ ડી(કંસારી), બાંભણીયા ભગીરથ(ઉમેજ), ચૌહાણ ચેતન એમ(કેસરીયા), ચૌહાણ શૈલેષ એમ(કેસરીયા), ગોહીલ હસમુખ ડી(સનખડા), ગોહીલ વિપુલ જી(ઉમેજ), બાંભણીયા અજય જે (રોહિસા), સાંખટ રામજી એ(રોહિસા), વાળા હરદેવ વી (ઉમેજ), ગોહીલ યુવરાજસિંહ (સનખડા), ઝણકાટ અક્ષત એ(આલીદર), સિલોત દિપક કે(મોટા ડેસર), બારડ વિનોદ વી(મોટા ડેસર), મોરી રવિ જે(ડોળાસા), ડાભી પાર્થ આર(દેલવાડા) આ સિધ્ધિના માર્ગદર્શક એન.સી.સી ઓફીસર મેજર પી. એમ. ધાંધલા અને પાસ થયેલ એન.સી.સી. કેડેટસને ૮ ગુજરાત બટાલિયનના કર્નલ એસ. પિલાઈ તેમજ કોલેજના ટ્રસ્ટી મંડળ તેમજ સ્ટાફ મેમ્બર્સએ અભિનંદન પાઠવી તેમની આ સિધ્ધિને બિરદાવેલ હતી. અત્રે એ યાદ આપવી જરૂરી છે કે એચ.એમ.વી કોલેજના આશરે ૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ ભારતીય આર્મીમાં ફરજ બજાવી રહ્યા છે. તે ઉના વિસ્તારના લોકો માટે ગૌરવની વાત છે.

## ટીમ ઈન્ડિયા (વરિષ્ઠ મહિલા)ની

# ન્યુઝીલેન્ડ સામેની આગામી ત્રણ મેચની IDFC ફર્સ્ટ બેંકના ODI શ્રેણી માટે ફિકસરની જાહેરાત કરી

રાજકોટ તા. ૧૫

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે સોમવારે ટીમ ઈન્ડિયા (વરિષ્ઠ મહિલા)ની ન્યુઝીલેન્ડ સામેની આગામી ત્રણ મેચની IDFC ફર્સ્ટ બેંક ODI શ્રેણી માટે ફિકસરની જાહેરાત કરી છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં રમાનારી આ શ્રેણી ICC મહિલા ચેમ્પીયનશીપનો એક ભાગ છે.

ન્યુઝીલેન્ડ મહિલા ભારત પ્રવાસ જોઈએ તો (૧) તા.૨૪ ઓકટોબર ગુરૂવાર ૧.૩૦ કલાકે ODI મેચ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ, અમદાવાદ, (૨) ૨૭મી ઓકટોબર રવિવાર ૧.૩૦ કલાકે ODI મેચ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ, અમદાવાદ અને (૩) ૨૯ મી ઓકટોબર મંગળવારે ૧.૩૦ કલાકે ODI મેચ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ, અમદાવાદ ખાતે છે.

## કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને

# રાજકોટ ખાતે ભારતીય માનક સંસ્થા દ્વારા "વિશ્વ માનક દિવસ"ની ઉજવણી કરાઈ

## ભારતના ઉત્પાદનો પર વિશ્વનો વૈશ્વિક લેવલે વિશ્વાસ અને માંગ છેઃ આજે "મેક ઈન ઈન્ડિયા" પર વિશ્વને ભરોસો વધ્યો છે : દરેક વસ્તુની ક્વોલિટીમાં માનક મહત્વનું જેનું આપણને સૌને ગૌરવ છે : કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા











(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૧૫

ભારતના ઉત્પાદનો પર વિશ્વનો વૈશ્વિક લેવલે વિશ્વાસ અને માંગ વધી છે અને ભારતના ઉત્પાદનો પર વિશ્વનો ભરોસો વધ્યો છે. આજે "મેક ઈન ઈન્ડિયા" પર વિશ્વને વિશ્વાસ છે જેનું આપણને સૌને ગૌરવ છે. "દેશને વિકસિત બનાવવા ગુજરાત રોલ મોડલ તરીકે ઉભરી આવ્યું છે. દરેક વસ્તુની ક્વોલિટીમાં માનક મહત્વનું પાસુ હોય છે, ભારતીય માનક ફક્ત ગ્રાહકોની આરોગ્યની સુરક્ષા માટે જ નહીં પરંતુ પર્યાવરણની સુરક્ષા માટે પણ કાર્યરત છે." ભારતીય માનક સંસ્થા, રાજકોટ દ્વારા "વિશ્વ માનક દિવસ"ની ઉજવણી કરતા કેન્દ્રિય રાજ્ય મંત્રીશ્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, "આપણાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ "ભારતીય બ્રાન્ડ"નું મહત્વ વધ્યું છે, જેનાં કારણે ભારતની અર્થવ્યવસ્થા સબળ બની છે. આજે ભારત વિકાસની દિશામાં હરણફાળ ગતિએ આગળ વધી રહ્યું છે." "વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગરીબી નિર્મૂલન, સ્વચ્છ ભારત અભિયાન, પ્રાકૃતિક કૃષિ, જનધન યોજના સહિતના અનેકવિધ અભિયાનો થકી ગુજરાત સહિત દેશભરમાં મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે આજે ભારતમાં ઉત્પાદિત થતી વસ્તુઓની વૈશ્વિક લેવલે માંગ વધી છે અને ભારતના ઉત્પાદનો પર વિશ્વનો ભરોસો વધ્યો છે. આજે "મેક ઈન ઈન્ડિયા" પર વિશ્વને વિશ્વાસ છે જેનું આપણને સૌને ગૌરવ છે. દેશને વિકસિત બનાવવા ગુજરાત રોલ મોડલ તરીકે ઉભરી આવ્યું છે. દરેક વસ્તુની ક્વોલિટીમાં માનક મહત્વનું છે. ભારતીય માનક ફક્ત ગ્રાહકોની આરોગ્યની સુરક્ષા માટે જ નહીં પરંતુ પર્યાવરણની સુરક્ષા માટે પણ કાર્યરત છે."

આ તકે ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, "ભારતીય માનક બ્યુરો ઉત્પાદનમાં ગુણવત્તા, લોકોને તાલીમ આપવા, જાગૃત કરવા તથા ગ્રાહકોની જરૂરિયાતો પૂર્ણ થાય તે સહિતની કામગીરી કરે છે. કોઈ વસ્તુ જ્યારે માર્ક સાથે વિદેશમાં જાય ત્યારે દેશનું સન્માન જળવાતું હોય છે. છેલ્લા વર્ષોમાં ભારતીય ઉત્પાદનોના નિકાસનું પ્રમાણ પણ વધ્યું છે, જે દર્શાવે છે કે માનક કેટલું મહત્વપૂર્ણ છે.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ કહ્યું હતું કે, "કોઈપણ દેશને વિકસિત બનાવવામાં ઉદ્યોગક્ષેત્રનો સિંહફાળો હોય છે. દરેક વેપારી-ઉદ્યોગપતિએ ઉત્પાદન સ્ટાન્ડર્ડના લાયસન્સ લેવા જોઈએ તથા ઉત્પાદનની સારી ગુણવત્તા જાળવવી જોઈએ." ધારાસભ્યશ્રીએ કોઈ વેપારી, ઉદ્યોગપતિ માનક માટે કે જાણકારી મેળવવા ઓફિસે આવે ત્યારે તેમને પૂરતો સહકાર અને યોગ્ય માર્ગદર્શન આપવા અધિકારીશ્રીઓને સૂચન આપ્યું હતું. કાર્યક્રમમાં ભારતીય માનક સંસ્થા રાજકોટના ડાયરેક્ટર પારિજાત શુકલાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ભારતીય માનક બ્યુરો દ્વારા દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ સંસ્થા સામાન્ય નાગરિકો તથા વિદ્યાર્થીઓમાં માનક બાબતે જાગૃતિ ફેલાવવા માટેનું કામ પણ કરે છે. બાળકોમાં નાનપણથી જ ઉત્પાદિત વસ્તુઓની ગુણવત્તા પ્રત્યે જાગૃતિ ફેલાય, દરેક નાગરિક જાગૃત ગ્રાહક બની વસ્તુની ખરીદી કરે અને વેપારી તથા ઉદ્યોગપતિ સારી ક્વોલિટીની વસ્તુનું ઉત્પાદન કરે તે હેતુથી જાગૃતિલક્ષી કાર્યક્રમો યોજવામાં આવે છે.

વધુમાં ભારતીય માનક બ્યુરો દ્વારા યોજાયેલા સાયન્સ એક્ઝિબિશનમાં સૌરાષ્ટ્રની વિવિધ સ્કૂલ માનક ક્લબના વિજેતા પાંચ શાળાના વિદ્યાર્થીઓને પુરસ્કાર દ્વારા સન્માનિત કરી પ્રમાણપત્ર પાઠવવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિવિધ ઉદ્યોગ ક્ષેત્રે પ્રથમ લાયસન્સ મેળવનારા ત્રણ ઉદ્યોગપતિઓને મહાનુભાવોએ સન્માનિત કર્યા હતા. આ તકે વિદ્યાર્થીઓએ સ્વાગત ગીત સાથે વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી, તેમજ ભારતીય માનક સંસ્થાના વૈજ્ઞાનિક (સી.) શ્રી બી.વી. રમનાએ આ વર્ષની થીમ તથા માનક વિશે વિગતવાર જાણકારી આપી તેનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમમાં પૂર્વ સાંસદ શ્રી રમાબેન માવાણી, શ્રી રામજીભાઈ માવાણી, ભારતીય માનક બ્યુરોના અધિકારીઓ તથા કર્મચારીઓ સહિત વિવિધ ઉદ્યોગપતિઓ, વેપારીઓ, શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# વિદેશના વર્ક વિઝા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રોફેસર આર.બી. ઝાલાએ કરેલી ભલામણથી ૯ ગરીબ અરજદારોએ ૨૨ લાખ રૂપિયા ગુમાવ્યા

## પ્રો. ઝાલાએ જે એજન્ટની ભલામણ કરી હતી તે લાખો રૂપિયા લઈને ફરાર : ભોગ બનેલાઓએ પોલીસમાં ફરિયાદ કરી પોલીસ દ્વારા તટસ્થ રીતે જીણવટભરી તપાસ હાથ ધરવામાં આવે તો કંઈકના પગે રેલો આવવાની ચર્ચા



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૫

રાજકોટ સહિત રાજયમાં ભારે ખળભળાટ મચાવી મુકે તેવો એક બનાવ બનવા પામેલ છે જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના એક પ્રોફેસરની ભલામણથી ૯ જેટલા ગરીબ અરજદારોને કુલ રૂા.૨૨.૫૦ લાખનો ચુનો લગાડી ભેજાબાજ ફરાર થઈ ગયો છે જે બનાવને લઈને સૌરાષ્ટ્ર યુનિવર્સીટી વર્તુળમાં ભારે ચકચાર જાગી ઉઠી છે. પોલીસમાં ફરીયાદ અરજી આપવા છતાં હજુ સુધી આગળની કાર્યવાહી ન કરવામાં આવી હોય તેવી પણ ચર્ચા ઉઠવા પામી છે. દરમ્યાન અન્ય કોઈ વધુ લોકો આવા કાવતરાના ભોગ ન બને તે માટે આ બનાવની તટસ્ટ અને સંપુર્ણ તપાસ કરીને સમગ્ર ઘટનાનો પર્દાફાશ કરી અને જવાબદાર સામે કોઈ જાતની શેહ શરમ રાખ્યા વિના પગલા ભરવાની માંગણી ઉઠી છે ત્યારે પોલીસ દ્વારા લેવાનારા પગલાઓ પર સંબંધીતોની મીટ મંડાયેલી છે.

આ બનાવ અંગે થતી વિગતો અનુસાર અમદાવાદના લોયડ જોસેફ રોજરિયો નામના ભેજાબાજે રાજકોટ અને સૌરાષ્ટ્રના ૯ વિદ્યાર્થી પાસેથી અઢી-અઢી લાખ એમ કુલ ૨૨.૫૦ લાખની રકમ છેતરપિંડી કરીને ભાગી ગયાની પોલીસમાં છાત્રોએ અરજી કરી છે. થોડા સમય પહેલાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કોઈ સેમિનાર કરવાના બહાને આ ભેજાબાજ અંગ્રેજી ભવનના પ્રોફેસર રવિ ઝાલાનો પરિચિત બન્યો હતો. બાદમાં પ્રોફેસર રવિ ઝાલાની ભલામણથી ૯ વિદ્યાર્થીએ ઓસ્ટ્રેલિયામાં વર્ક વિઝા માટે અઢી-અઢી લાખની રકમ ચેકથી આપી હતી. બાદમાં આ એજન્ટ બધાના પૈસા લઈને ભાગી ગયો હતો. વિદ્યાર્થીઓએ અમદાવાદના તેના નિવાસ સ્થાને તપાસ કરતા ત્યાં કોઈ રહેતું નહીં હોવાનું ખુલ્યું હતું તેથી આ વ્યક્તિએ વિદ્યાર્થીઓ સાથે છેતરપીંડી કરી હોવાની ઉના અને રાજકોટ પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે. ઉના તાલુકાના ખાપટ ગામના પ્રકાશભાઈ ગોવિંદભાઈ ઝાલા, મયુરભાઈ કાળુભાઈ ચૌહાણ, માનસીંગભાઈ બચુભાઈ ચૌહાણ અને જયરાજ સુનિલભાઈ ઝણકાટે ઉના પોલીસમાં કરેલી અરજીમાં જણાવ્યું છે કે તેઓ ચારેય રવેસિંગભાઈ બાલુભાઈ ઝાલાના માધ્યમથી લોયડ જોસેફ રોજારિયો નામના વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા. લોયડ દ્વારા અમને સ્કીમ બતાવવામાં આવી હતી કે જો તમે ખેડૂત ખાતેદાર હોય તો ઓસ્ટ્રેલિયામાં ફૂડ પેકિંગની જોબ કરી નાણાં કમાવવાની ઉજળી તક ઉભી થઈ છે. આ સ્કીમ પસંદ પડતા અમે રસ દાખવ્યો, તા.૪-૬-૨૦૨૨ના એગ્રીમેન્ટ મુજબ અમદાવાદના બોડકદેવ, વેસ્ટર્ન પાર્કમાં રહેતા લોયડ જોસેફે પોતાના સંપર્કથી ઓસ્ટ્રેલિયામાં ફૂડ પેકર તરીકેની જોબ અપાવશે તેવી બાંહેધરી આપી હતી. તેના બેંક ખાતામાં અમે ચારેય વ્યક્તિએ અઢી અઢી લાખ એમ કુલ ૧૦ લાખ જમા કરાવ્યા હતા. વ્યિક્તિ દીઠ અઢી લાખ રૂપિયા પરત કરવાની સમય મર્યાદા એગ્રીમેન્ટની શરત મુજબ ૧૪ મહિના હતી જે પુરી થઈ ગઈ અને ત્યારબાદ તેનો નંબર બંધ આવે છે. એવી જ રીતે રાજકોટના પાંચ વિદ્યાર્થી રવિ સોલંકી, ભાવેશ રાજાણી, શૈલેન્દ્રસિંહ ઝાલા, જયદીપ સંઘાણી અને અજય ગોધાણીએ પણ અંગ્રેજી ભવનના પ્રોફેસર રવિ ઝાલાના કહેવાથી લોયડ જોસેફ રોજરિયો નામના ભેજાબાજને ઓસ્ટ્રેલિયામાં વર્ક વિઝા માટે અઢી અઢી લાખ એમ કુલ ૧૨.૫૦ લાખ આપ્યા હતા. પરંતુ તેણે છેતરપીંડી કરી હોવાની પોલીસમાં અરજી કરી છે. આ વિદેશી ભેજાબાજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવન અને શૈક્ષિક સંઘ સાથે જોડાયેલા પ્રોફેસરની મદદથી વિદેશ જવા માગતા વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા પડાવ્યા હોવાનું સામે આવ્યું છે.

લોયડ હવે ફોન ઉઠાવતો નથી, અમદાવાદના તેના સરનામે કોઈ રહેતું નથી અને શૈક્ષિક સંઘના આ પ્રોફેસરે પણ હાથ ઊંચા કરી દેતા ૯ જેટલા વિદ્યાર્થીએ ૨૨.૫૦ લાખ ગુમાવવાનો વારો આવ્યો છે. ગુજરાત પોલીસ આ બાબતે તપાસ કરે અને ભોગ બનેલાઓને નાણાં પરત અપાવે તેવી પોલીસ ફરિયાદ કરનારા અરજદારોની માંગણી છે. પોલીસ ફરિયાદ કરનાર ન્યાય અપાવવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનના વડા પ્રો. આર. બી. ઝાલા અને શૈક્ષિક સંઘના પ્રમુખ પ્રો. કમલ મહેતા આગળ આવે તે જરૂરી છે. સમગ્ર પ્રકરણમાં પ્રો. કમલ મહેતાના પ્રખર ટેકેદાર પ્રો. આર. બી. ઝાલાની ભૂમિકા ખૂબજ મહત્ત્વની છે. પ્રો. ઝાલા આ ચિટરને સાથે લઈને અને ગીર સોમનાથ જિલ્લામાં ઉના પાસે આવેલ પોતાના માદરે વતન ખાપટ ગામમાં રાજકોટથી પહોંચ્યા હતાં અને તેની ભલામણથી ખાપટ ગામના ખૂબજ ગરીબ પરિવારના સભ્યોએને વિદેશના સપના બતાવી શીશામાં ઉતાર્યા હતા. ભોગ બનેલા પૈકી કોઈ લોઈડ ને ઓળખતા ન હતા પરંતુ અંગ્રેજી ભવનના વડા પ્રો. આર. બી. ઝાલાની ભલામણને કારણે છેતરાયા છે. રાજકોટ યુનિવર્સિટી પોલીસ મથક અને ઉના તાલુકા પોલીસ મથક ના અધિકારીઓ આ બાબતે તપાસ હાથ ધરી ભોગ બનેલાના નાણાં પરત આપાવે તેવી ભોગ બનેલા તમામ લોકોના પરિવારની માંગણી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રો. આર. બી. ઝાલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભાષા ભવનમાં અધ્યાપક તરીકે જોડાયા એ પહેલાં વેરાવળ સોમનાથ ખાતે કારડીયા રાજપુત સોશિયલ ગ્રુપ ચલાવતા હતા. આ ઉપરાંત ઝાલા એ. બી. વી. પી. અને શૈક્ષિક સંઘ ના પણ આગેવાન છે.પ્રો. ઝાલા જેવા વગદાર અધ્યાપકની લોઈડને મદદ મળતાં તે લોકોને લૂંટવાના મિશનમાં આસાનીથી સફળ થયો હતો.

# ૭૧ નવદંપતીઓને ૧૦ હજારની વેલ્યુની એફડી રસીદ, લગ્ન નોંધણી પ્રમાણપત્ર મહાનુભવોના હસ્તે એનાયત

**૧૦,૦૦૦ મહેમાનોને ભોજન પ્રસાદ અસંખ્ય કાઉન્ટરો સાથે ભવાની યુવા ગ્રુપનું કાબિલેદાદ માઈક્રો પ્લાનિંગ મેનેજિંગ ટ્રસ્ટી દીર્ઘદ્રષ્ટા અનેક વિધ સદપ્રવૃત્તિના પ્રણેતા સ્વ. જીવનભાઈ હકાણીના જીવન કવનની સર્વત્ર સરાહના ૧૦૦થી વધુ ઘર વપરાશની ચીજવસ્તુ વાસણ, કપડાં, ફર્નિચર, ડિપોઝીટ રસીદ, આભૂષણનો વિશાળ કરીયાવર**


(પ્રતિનિધિ દ્વારા)

દામનગર તા.૧૫

દામનગર સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી ભુરખિયા હનુમાનજી ટ્રસ્ટ દ્વારા ૭૧ ગરીબ પરિવારોની દીકરીને ભવ્ય રીતે સાસરે વળાવી રોકડ રકમ અને દ્રવ્યદાનની અદભુત મિસાલ દરેક નવદંપતીને રૂપિયા ૧૦ હજારની વેલ્યુની ફિક્સ ડિપોઝીટ રસીદ, લગ્ન નોંધણી પ્રમાણપત્ર એનાયત કરાયું હતું. ૭૧ નવદંપતીઓને પૂજ્ય સીતારામબાપુની આદર્શ દાંપત્ય જીવનની શીખ સાથે સપ્તપદીની મહત્તા દર્શાવી પ્રવચન દરમ્યાન માર્મિક ટકોર સાથે પ્રતિજ્ઞા વચનો યાદ કર્યા વૈદિક મંત્રોચ્ચારની ધ્વનિ વચ્ચે લગ્ન સંસ્કાર એ સાત સદગુણ સેવા સંયમ સમર્પણ કરૂણા પ્રેમ જેવા સાત વચનો પાળજોનો સંદેશ નવમાં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવના આયોજનથી ખૂબ પ્રભાવિત રાજયના પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનો ૭૧ નવદંપતીને સયુંકત કુટુંબ ભાવના સામાજિક સંવાદિતાની હિમાયત કરતો હૃદયસ્પર્શી સંદેશ ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ દ્વારા થતી ધાર્મિક શૈક્ષણિક વૈદકીય આરોગ્ય મહિલા રોજગારી જળસંગ્રહ અન્નક્ષેત્ર સામાજિક આર્થિક જેવી મદદ સમગ્ર માનવ સમાજ માટે ઉમદા ઉદારણ રૂપ છે.

શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર પ્રશાસન તરફથી ૧૦ હજાર વ્યક્તિઓને ભોજન પ્રસાદ માટે જયભવાની યુવા ગ્રુપની બેનમૂન વ્યવસ્થા પાર્કિંગથી લઈ તમામ પ્રકારનું માઈક્રો પ્લાનિંગ હજારોની માનવ મેદની વચ્ચે ઉદારદિલ દાતાઓની સખાવતની સરાહના સાથે ભવ્ય સન્માન સમારોહ સ્થળે રેડકોર્સ અમરેલીનો રકતદાન કેમ્પ "ઉદાર વ્યક્તિ એટલે ગામના પાદરમાં ઉભેલા ઘટાટોપ ફળાવ વૃક્ષ સમાન છે. શીતળ છાયો અને ફળ બંને આપે છે"ટ્રસ્ટી હરજીભાઈ નારોલા શ્રી ભુરખિયા ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અનેક સદપ્રવૃત્તિના પ્રણેતા સ્વ. જીવનભાઈ હકાણીની પુણ્યસ્મૃતિમાં ૯માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં પ્રમુખ દુષયનભાઈ પારેખનું મનનીય વક્તવ્ય શ્રી ભુરખિયા દાદાના સાનિધ્યમાં અનેક વિધ સદપ્રવૃત્તિ માટે સમર્પિત સેવક સ્વ. જીવનભાઈ હકાણીનું સમગ્ર જીવન એક હરતીફરતી યુનિવર્સીટી જેવું આગામી સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં ૧૦૧ નવદંપતીઓને જોડવાનું પ્રમુખ દુષયનભાઈ પારેખનું આહવાન. શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ અને મંદિર પ્રશાસન ટ્રસ્ટ શ્રી ભુરખિયા ગામ જયભવાની યુવા સેના સમસ્ત પૂજારી પરિવાર એવમ સેવક સમુદાયના સંકલનથી આફરીન કરતું આયોજન. હજારોની માનવ મેદની વચ્ચે ભવ્યાતિભવ્ય સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં પૂજ્ય સંતો, સામાજિક, સ્વૈચ્છિક, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણી, રાજયના પૂર્વ મંત્રી હકુભાઈ જાડેજા, ધારાસભ્ય તળાવીયા હિંમતભાઈ કટારીયા, અમરશીભાઈ પરમાર, ભરતભાઈ ભટ્ટ, સુધીરભાઈ પારેખ, જયેન્દ્રભાઈ પારેખ, અભયભાઈ હકાણી, ટ્રસ્ટી, સ્વંયમ સેવકો, પૂજારી પરિવાર, સ્થાનિક મહિલા સ્વંયમ સેવકો સહિત અનેકો ઉદારદિલ દાતાઓની વિશાળની વિશાળ ઉપસ્થિતિમાં રંગારંગ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ સંપન્ન થયો હતો.

# નવરાત્રિ દરમ્યાન વિશ્વના સૌથી વિશાળ પરંપરાગત પરિધાનોનું અનાવરણ થયું



**વિશ્વના સૌથી મોટા પરંપરાગત નવરાત્રિ પરિધાનોનો રેકોર્ડ બનાવવા માટે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી, એનઆઇએફ અને પીટીએન ન્યૂઝે સહયોગ સાધ્યો : ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ વિશેષ મુલાકાત લીધી અને ઇન્સ્ટોલેશનને વખાણ્યું**

(રાજેશ મહેતા દ્વારા)

ગાંધીનગર તા.૧૫

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ એનઆઈએફ ગ્લોબલ અમદાવાદ અને ગાંધીનગર તથા પીટીએન ન્યૂઝ સાથેના સહયોગમાં વિશ્વના સૌથી મોટા ચણિયાચોળી તૈયાર કરવાનો અને ઈન્સ્ટોલ કરવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. દુપટ્ટાની સાથે પહેરવામાં આવતાં ચણિયા ચોળી એ સ્ત્રીઓ માટેના ઉત્કૃષ્ટ પ્રકારના પરંપરાગત પરિધાનો છે, જેને નવરાત્રિ દરમિયાન પહેરવામાં આવે છે.આ સુંદર પરિધાન સર્જનાત્મકતાની મનમોહક રજૂઆત છે, જે ગુજરાતના સાંસ્કૃતિક ગૌરવને દર્શાવે છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ આ અઠવાડિયાની શરૂઆતમાં વિશેષ મુલાકાત લઈ આ સુંદર ઈન્સ્ટોલેશનને બિરદાવ્યું હતું. ગાંધીનગર અને અમદાવાદના ૬૦ વિદ્યાર્થીઓના ગ્રૂપેઆ અદભૂત અને આકર્ષક પરિધાનોની રચના કરવા માટે હાથ મિલાવ્યાં હતાં. હાલમાં જ ભાડજ પાસે આવેલા શ્રીયમ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલી 'ખેલૈયા નવરાત્રિ ૨૦૨૪'ની ઉજવણી દરમ્યાન આ ઈન્સ્ટોલેશનનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સુંદર ઈન્સ્ટોલેશનનું માળખું ૭૨ ફૂટ ઊંચું હતું. આ ત્રણેય સંગઠનોને લંડન સ્થિત વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ્સ તરફથી સંયુક્તપણે પ્રમાણપત્ર પ્રાપ્ત થયું હતું. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી ઋષભ જૈનએ વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલી આ સિદ્ધિ બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. ઋષભ જૈનએ જણાવ્યું હતું કે, 'આ પ્રોજેક્ટ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે અમારા દ્વારા પેશન અને ઈનોવેશનનું જે રીતે સંવર્ધન કરવામાં આવે છે, તેનું સાચું પ્રતિબિંબ છે. અમારા વિદ્યાર્થીઓનું સમર્પણ અને પરંપરાઓનું સર્જનાત્મકતાની સાથે સંયોજન કરવાની તેમની ક્ષમતાને પરિણામે આ સુંદર રચના થઈ શકી છે. આ ચણિયા ચોળી ફક્ત નવરાત્રિનું જ પ્રતીક નથી પરંતુ તે ભારતની સમૃદ્ધ ટેક્સટાઈલનું પણ પ્રતીક છે અને તે યુવાનોની અસીમ ક્ષમતાઓનું સર્વોચ્ચ શિખર છે. અમદાવાદના આ સાંસ્કૃતિક તહેવારમાં નોંધપાત્ર યોગદાન આપવાનો અમને ગર્વ છે.' આ ઈન્સ્ટોલેશનને તૈયાર કરવામાં ૩૨ દિવસ લાગ્યાં હતાં. આ ઈન્સ્ટોલેશન તૈયાર કરવામાં ૩,૦૦૦થી વધારે મીટર કાપડ વપરાયું હતું, જે લંબાઈ અને પહોળાઈમાં ૫૦૦ સાડીઓ જેટલું થવા જાય છે, જેનું વજન લગભગ ૫૦૦ કિગ્રા હતું. આ સમગ્ર પરિધાનને કોટન અને જ્યોર્જેટમાંથી બનાવવામાં આવ્યું હતું અને તે ડીઝાઈનની વ્યવહારકુશળતાને આપવામાં આવેલા આધુનિક સ્પર્શની સાથે પરંપરાગત કારીગરીને દર્શાવી ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને કંઈક નવું સર્જવાની વિદ્યાર્થીઓની ભાવના એમ બંનેને પ્રતિબિંબિત કરે છે. કાપડ મેળવ્યાં બાદ વિદ્યાર્થીઓએ ચણિયા-ચોળીની ડીઝાઈનની જરૂરિયાત ઉપર આધાર રાખીને સાડીઓને કાળજીપૂર્વક અલગ પાડી હતી અને એક વિશાળ કાપડ બનાવવા માટે તેને એકબીજાની સાથે સીવી હતી, જેમાંથી આખરે આ સમગ્ર ઈન્સ્ટોલેશન માટેનું પરિધાન બનાવવામાં આવ્યું હતું. આ વિશાળ વસ્ત્રની હસ્તકલા અને જટિલતાઓને અકબંધ રાખીને તેને સીવવા અને એકબીજાની સાથે મૂકવામાં વિદ્યાર્થીઓની ટેકનિકલ કુશળતા અને સમજદારીને ખરેખર બિરદાવવા લાયક છે. વધુ માહિતી માટે કૃપા કરીને ૯૭૨૬૦૯૮૩૯૮૫૨ ડૉ. શશીકાંત ભગતનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# મંગળવાર નિમિતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને ૨૦૦ કિલો ફુલોનો દિવ્ય શણગાર ધરાવવામાં આવ્યો


(પ્રતિનિધિ દ્વારા)


સાળંગપુર તા.૧૫

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૫-૧૦-૨૦૨૪ને મંગળવારે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય વાઘા અને ફુલોનો શણગાર કરવામાં આવ્યો હતો. સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા સવારે ૭ શણગાર આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. તેમજ મંદિરના પરિસરમાં મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે દાદાને કરાયેલાં શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું હતું કે, આજે મંગળવારના પવિત્ર દિવશે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને વૃંદાવનમાં ૧૫ દિવસની મહેનતે બનેલા પ્યોર સિલ્કના જરદોશીવાળા વાઘા પહેરાવ્યા છે. આ સાથે દાદાના સિંહાસને પંચરંગી ગુલાબ અને એન્થોરિયમના ૨૦૦ કિલો ફુલનો શણગાર કરાયો છે.



# દ્વારકાધીશ જગતમંદિરમાં આવતીકાલે બુધવારે શરદ રાસોત્સવ ઉજવાશે





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૫

યાત્રાધામ દ્વારકામાં આગામી તા.૧૬મી ઓકટોબર, ૨૦૨૪ને બુધવારના રોજ દ્વારકાધીશ જગતમંદિરમાં શરદ રાસોત્સવની ઉજવણી કરવામાં આવશે. જે અન્વયે જગતમંદિરના પૂજારી પરિવારના સૂત્રોના જણાવ્યાનુસાર તા.૧૬મીએ બુધવારે જગત મંદિરમાં રાસોત્સવની ઊજવણી અનુસંધાને ઠાકોરજીના સેવાક્રમમાં જરૂરી ફેરફાર નોંધાયો છે. તા.૧૬મી ઓકટોબરે ઠાકોરજીની મંગલા આરતી સવારે ૬ કલાકે યોજાયા બાદ ઠાકોરજીનો સવારનો સેવાક્રમ નિત્યક્રમ અનુસાર થશે. બાદ સાંજે સેવા ક્રમ નિત્યક્રમાનુસાર થશે તેમજ રાત્રે સંધ્યા આરતી બાદથી મંદિર બંધ થાય ત્યાં સુધી જગતમંદિરના પટાંગણમાં રાસોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે.

# બુધવારે શરદપૂર્ણિમાનું મહત્વ

આસો શુદ ચૌદસને બુધવાર તારીખ ૧૬ ઓક્ટોબરના દિવસે શરદપૂર્ણિમા છે. બુધવારે રાત્રે ૮:૨૧ કલાકથી પૂનમ તીથી શરૂ થાય છે. જે ગુરૂવારે સાંજના ૪:૫૬ સુધી જ પૂનમ તિથિ છે. ખાસ કરીને શરદ પૂનમમાં રાત્રિના ચંદ્રનું મહત્વ હોય છે આથી બુધવારે આખી રાત પૂનમ તિથિ છે. જે ગુરૂવારે નથી અને શરદ પૂનમમાં રાત્રીનું મહત્વ વધારે હોય છે આથી નિયમ પ્રમાણે વ્રતની પૂનમ કોજાગરી પૂનમ શરદપૂર્ણિમા બુધવારે ગણાશે. તે ઉપરાંત જે લોકો પોતાના કુળદેવતા-કુળદેવી માતાજી અથવા જે કોઈ દેવી-દેવતાના પૂનમના દર્શને જતા હોય તેઓ ગુરૂવારે સાંજના ૪:૫૬ સુધી પૂનમ નથી હોતા પૂનમના દર્શન ગણાશે. શરદપૂર્ણિમાની રાત્રે ચંદ્રમાં પોતાનું અમૃત તત્વ પૃથ્વી ઉપર વરસાવશે. શરદ પૂનમના દિવસે ચંદ્ર સોળ કળાએ ખીલશે. એક વર્ષમાં બાર પૂનમ આવે છે. તેમ શરદ પૂનમનું મહત્વ વધારે છે. શરદ પૂનમને મોટી પૂનમ કહેવામાં આવે છે. શરદ પૂનમના દિવસે ચંદ્રમાં ૧૬ કળાએ ખીલી ઉઠે છે અને પોતાનું સંપૂર્ણ તેજ પૃથ્વી ઉપર પાડે છે અને ચંદ્રમાં રહેલું અમૃત તત્વ શરદ પૂનમની રાત્રે પ્રકાશ દ્વારા પૃથ્વી ઉપર પડે છે. તેનાથી શરદ પૂનમને કોજાગરી પૂનમ પણ કહેવામાં આવે છે. શરદ પૂનમની સાંજના લક્ષ્મીપૂજન કરવું શ્રીયંત્રનું પૂજન કરવું શ્રેષ્ઠ છે. નિર્ધનતાનો નાશ થાય છે. સાંજના સમયે પોતાના ઘરે લક્ષ્મીજીના સિકકા અથવા શ્રીયંત્રને પંચામૃતથી પૂજન કરવું. સાકરવાળા દુધનો તેના ઉપર શ્રીસુકત બોલતા બોલતા અથવા ઓમ મહાલક્ષ્મી નમઃ બોલતા બોલતા અભિષેક કરવો તેનાથી સ્થીર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. શરદ પુનમની રાત્રે લક્ષ્મીજી ઘરે ઘરે જાય છે અને તપાસ કરે છે કોણ જાગી રહ્યું છે મારો કયો ભકત જાગે છે. આથી શરદ પૂનમનું એક નામ કોજાગરી પૂનમ પણ કહેવામાં આવે છે. શરદપૂનમની રાત્રે ચંદ્રમાં પોતાનું સંપૂર્ણ અમૃત તત્વ રૂપી તેજ પૃથ્વી ઉપર પાડતા હોવાથી પોતાની અગાસીમાં રાત્રે સાકરવાળુ દુધ અને પૌંવા થોડીવાર રાત્રે ૧૨ વાગ્યે મુકી અને તેન પ્રસાદ લેવો તેનું મહત્વ વધારે છે. તેનાથી શરીરની આરોગ્યતા સારી રહે છે અથવા તો આખી રાત સાકર મુકી અને સવારે તેનો પ્રસાદ તરીકે ગ્રહણ કરી શકાય. શરદ પૂનમની રાત્રે ચંદ્રના પ્રકાશમાં દોરો પરોવવાથી આખોનું તેજ અને બળ વધે છે. આયુર્વેદમાં પણ શરદ પૂનમનું મહત્વ વધારે છે. ધાર્મિક દ્રષ્ટિએ શ્રીકૃષ્ણ ભગવાનની મહારાશ લીલા પણ શરદ પૂનમની રાત્રે થઈ હતી. આથી શરદ પૂનમની રાત્રે કૃષ્ણ ભગવાનની ભકિતનું મહત્વ પણ વધારે રહેલું છે. જયોતિષની દૈષ્ટિએ લોકોર્ને ચંદ્ર નબળો હોય અથવા જન્મકુંડળીમાં ગ્રહણયોગ વિષયોગમાં જન્મ થયેલ હોય તો આ દિવસે ચંદ્રના જપ પૂજા કરવાથી અથવા તો કરાવાથી રાહત મળે છે. શરદ પૂનમના દિવસે વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ કરવો પણ ઉત્તમ ફળદાયક છે. લક્ષ્મી પુજાનો શ્રેષ્ઠ સમય શરદ પૂનમના દિવસે રાત્રે ૮:૨૧થી છે. શરદ પૂનમની રાત્રે ૧૨ વાગ્યા સુધી અથવા આખી રાત્રીનું જાગરણ કરવું.


**આઉટસોર્સથી માન્ય સખી મંડળ પાસેથી બગીચાની સફાઈ તથા હોસ્ટેલ સફાઈની કામગીરીના ભાવ આપવા બાબત**

**ટેન્ડર નોટીસ**

નિયામક, રાજય ગ્રામવિકાસ અને પંચાયતીરાજ ભવન, શશીકુંજ, જૂનાગઢ મુકામે કેમ્પસમાં આવેલ બાગ–બગીચાની સફાઈ જેવી કે નિંદામણ કરવુ, ફુલ–છોડ–ઝાડને પાણી પીવડાવુ, બાગ–બગીચાની વ્યવસ્થિત ફુલ–છોડને નુકશાન ન થાય તે રીતે સાફ–સફાઈ કરવી વિગેરે બગીચાને લગતી સફાઈ કામગીરી તેમજ ત્રણ માળની હોસ્ટેલ, ડોરમેટ્રી હોસ્ટેલ, કચેરીની સફાઈ, કેમ્પસના રોડ–રસ્તાની સફાઈ વિગેરે સફાઈ કામગીરી આઉટસોર્સથી આપવાની થાય છે. આ ટેન્ડર ફોર્મની ફી રૂા.૧૦૦૦/– રોકડા ભર્યેથી તા.૧૭/૧૦/૨૦૨૪ થી તા.૨૨/૧૦/૨૦૨૪ના ૧૭.૦૦ કલાક સુધી કચેરી સમય દરમ્યાન નીચેના સરનામે ટેન્ડર ફોર્મ મળી શકશે. જે પરત મોકલવાની છેલ્લી તા.૨૫/૧૦/૨૦૨૪ના ૧૭.૦૦ કલાક સુધી રૂબરૂમાં મોકલી આપવાના રહેશે. ટેન્ડર ખોલવાની તા.૨૮/૧૦/૨૦૨૪ના ૧૩.૦૦ કલાકે અત્રેની કચેરીમાં ખોલવામાં આવશે. ટેન્ડર ફોર્મ માન્ય સખી મંડળ ધરાવતા હોય અને સફાઈ વ્યવસાય સાથે સંકળાયેલા હોય તેવા સખી મંડળો પાસેથી જ સફાઈ કામગીરીના ભાવો મંગાવવામા આવે છે. શરતો અત્રેની કચેરીની નોટીસ બોર્ડ ઉપર જોવા મળી શકશે.

તારીખ:– ૧૦/૧૦/૨૦૨૪
સ્થળ:–નિયામકની કચેરી
રાજય ગ્રામવિકાસ અને પંચાયતીરાજ ભવન
શશીકુંજ, જૂનાગઢ.

નિયામક
રાજય ગ્રામવિકાસ અને પંચાયતીરાજ ભવન
જૂનાગઢ.

માહિતી/જૂના/૫૩૧/૨૦૨૪


## જાહેર નોટીસ

મામલતદાર, જૂનાગઢ ગ્રામ્યની કોર્ટમાં, તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ

નં.જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૨૨/૨૦૨૪

શ્રી હુણ ભામાશા લક્ષ્મણભાઈ

રહે. માખીયાળા, તા.જી. જૂનાગઢ

વિષય : જન્મ-મરણ નોંધણી(સુધારો) એકટ-૨૦૨૩ની કલમ-૧૧(૩) મુજબ જન્મની નોંધણી કરાવવાનો હુકમ કરવા અંગે

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હુણ ભામાશા લક્ષ્મણભાઈ રહે. માખીયાળા, તા.જી. જૂનાગઢ વાળાએ તેમના પુત્ર શ્રી હુણ ધ્રૂવકુમાર ભામાશાભાઈની જન્મ અંગેની નોંધ તા. ૨૫-૦૯-૨૦૦૬ ગ્રામ પંચાયત કચેરી, માખીયાળા તા. જી. જૂનાગઢ ગ્રામ્ય જી. જૂનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, માખીયાળા તા. જૂનાગઢ ગ્રામ્ય કચેરીના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વર-વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં મામલતદાર કચેરી, જૂનાગઢ (ગ્રામ્ય) ખાતે વાંધા અરજી સાથે રૂબરૂ હાજર રહેશો. જેમાં કશુર થઈએ, કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવું માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તારીખ ૧૪ માહે -ઓકટોબર-૨૦૨૪ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો

સ્થળ : જૂનાગઢ
તા. ૧૪-૧૦-૨૦૨૪

સહી અવાચ્ય
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર, જૂનાગઢ ગ્રામ્ય

## માન્યતા નહીં હોવા છતાં

# જૂનાગઢમાં મસમોટી ફી લઈ CBSEનાં એડમીશન અપાય છે : તપાસના આદેશ

## ધોરણ ૧ થી ૯ નાં વિદ્યાર્થીઓનાં એડમીશન અન્ય સ્કુલમાં રાખી ભણાવવામાં આવતાં હોવાનો આક્ષેપ : રીપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી થશે : સંબંધીતોની મીટ

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ શહેરમાં CBSEની માન્યતા ન હોવા છતાં એક સ્કુલ ધમધમી રહી છે અને જેમાં ધો.૧ થી ૯ના વિદ્યાર્થીઓને CBSEના નામે એડમીશન આપવામાં પણ આવે છે અને આવા વિદ્યાર્થીઓને અન્ય સ્કુલ કે શાળામાં રાખી તેમને ભણાવવામાં આવતા હોવાની ચોંકાવનારી વિગતો અને રજુઆતો થતાં તાત્કાલીક અસરથી તપાસની કામગીરી શરૂ કરવામાં આવી છે.

પ્રાથમીક જીલ્લા શિક્ષણ અધિકારી દ્વારા સ્કુલની એકટીવીટી અંગેની તમામ માહિતી માટે તપાસના કરેલા આદેશોને પગલે શૈક્ષણિક વર્તુળમાં ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. બીજી તરફ જવાબદાર અધિકારીએ જણાવ્યું હતું કે, બે દિવસમાં આ સ્કુલ અંગેનો તપાસ રીપોર્ટ આવી ગયા બાદ કડક કાર્યવાહીનો નિર્દેશ આપ્યો હતો.

જૂનાગઢ સહિત રાજ્યમાં નકલી અધિકારીઓ, નકલી ટોલનાકા ઝડપાઈ રહ્યા છે. કેટલીક ડમી સ્કૂલો પણ તાજેતરમાં ધમધમતી હોવાનું ખૂલ્યું હતું. તેમજ ગેરકાયદેસર સ્કૂલો સામે પણ તંત્ર કાર્યવાહી કરી રહ્યું છે. શિક્ષણનું વ્યાપારીકરણ થઈ ગયું કહીએ તો જરા પણ અતિશયોક્તિ નહી કહેવાય. મસમોટી ફી ઉઘરાવવામાં આવે છે. તો બીજી તરફ ગેરકાયદેસર સ્કૂલો પણ બેફામ ધમધમી રહી છે. જેની સામે શિક્ષણ વિભાગ ક્યાંકને ક્યાંક વામણું પુરવાર થઈ રહ્યું હોય તેવી ચર્ચાઓ પણ વહેતી થઈ છે. કેટલીક સ્કૂલો વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેડા કરી રહી છે ત્યારે આવી જ એક સ્કૂલ જુનાગઢમાંથી ઝડપાઈ છે. જૂનાગઢના નોબલ ટાઉનશિપમાં આવેલી ચૈતન્ય ટેક્નો સ્કૂલના નામથી ચાલતી CBSE સ્કૂલ પાસે માન્યતા ન હોવા છતાં વિદ્યાર્થીઓ પાસેથી મસ મોટી ફી ઉઘરાવીને ગેરકાયદેસર રીતે સ્કૂલ ચલાવતા હોવાની ફરિયાદ ઊઠી છે. ધોરણ ૧થી ૯ માટે CBSEની માન્યતા નથી તેમ છતાં પણ વિદ્યાર્થીઓને CBSEના નામે એડમિશન અપાય છે અને વિદ્યાર્થીઓને તથા વાલીઓને અંધારામાં રાખીને આ વિદ્યાર્થીઓના એડમિશન અન્ય સ્કૂલ કે શાળાઓમાં રાખી તેમને ભણાવતા હોવાનો આક્ષેપ એનએસયુઆઈ દ્વારા કરવામાં આવ્યો છે. એક તરફ જુનાગઢ શૈક્ષણિક હબ તરીક વિકસિત થઈ રહ્યું છે અને બીજી તરફ શિક્ષણ માફિયાઓ હવે શિક્ષણનું વ્યાપારીકરણ કરી અને વાલીઓ પાસેથી લાખો રૂપિયા લૂંટી રહ્યા છે. આ અંગે ચૈતન્ય ટેકનો સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા આ રજૂઆતને સમર્થન આપ્યું હતું અને તેમની પાસેથી જાણવા મળ્યું હતું કે હાલ તેઓ પાસે ગુજરાત શિક્ષણ બોર્ડની માન્યતા છે અને આ માન્યતા બાદ બે વર્ષ પછી તેઓ CBSE માટે અરજી કરશે. પરંતુ હાલ તેઓ પાસે CBSEની માન્યતા નથી.

તેમજ ગુજરાત ભરમાં તેમની જે સંસ્થાઓ ચાલી રહી છે તેમની પાસે પણ CBSEની માન્યતાઓ નથી પરંતુ CBSE લેવલનો અભ્યાસ કરાવતા હોવાનો લૂલો બચાવ કર્યો હતો અને જે કર્મચારી દ્વારા ફરિયાદો કરવામાં આવી છે તે પાયા વિહોણી હોવાનો દાવો કર્યો હતો. આ સમગ્ર બાબતને લઈને જુનાગઢ પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા રજૂઆતને ધ્યાનમાં લઈને તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને જો આ મામલે કંઈ પણ ચૂક દેખાશે તો સ્કૂલ સંચાલકો તેમજ શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવાની હૈયા ધારણા આપી છે.

વધુમાં બે દિવસમાં તપાસનો રીપોર્ટ આવી ગયા બાદ કથીત સ્કુલ સામે જો કસુરવાન ઠરે તો ભારે પગલા તોળાઈ રહ્યા છે અને જે અંગેની ચર્ચાઓ ઉઠવા પામી છે. બીજી તરફ તપાસના આવનારા રિપોર્ટ પર સંબંધીત તમામની મીટ મંડાયેલી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

MI-GL

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?

ઓપરેશન કરાવતા પહેલા

આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ

૨૦ વર્ષનાં અનુભવી

કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો

(પચીસ રોગોની કાયાકલ્પ દવા)

હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે

(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)

મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ (મું. વડાલ વાળા)



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?

શું તમારો ધંધો મંદો ચાલે છે ?

શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?

શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું



● હરક્યુલિસ સાયકલ ● કોરાડો સાયકલ

● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ

● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ

● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ

● હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેક્સી

ઓટો એન્ડ સાયકલ એજન્સી

માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)

મો.૯૯૦૪૦ ૩૪૨૦૮



સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ

૧ કિલોના ફકત રૂા.૬૦૦

પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે

નહી આવો તો જરૂર અફસોસ

ગુલાબાવાડી પાસે, ખોજાવાડ ચોક નજીક સૌરાષ્ટ્ર ભુમિ દૈનિક (બ્યુરો ઓફીસ) જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૬૨



